રજીસ્ટર્ડ તારીખઃ- ૦૧-૪-૨૦૧૩
ફેસલ તારીખઃ- ૨૩-૫-૨૦૨૨
અવધીઃ-વર્ષ .... માસ..... દિવસ....

**અમદાવાદ શહેરના મહેરબાન એડી.સેશન્સ જજ સાહેબની કોર્ટ નં.૪ માં, મુ.અમદાવાદ.**

**સેશન્સ કેસ નં.૧૧૨/૨૦૧૩**
**સાથે**
**સેશન્સ કેસ નં.૧૩૪/૨૦૧૫**
**આંકઃ-**

**સેશન્સ કેસ નં.૧૧૨/૨૦૧૩**

**ફરિયાદીઃ-** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**તહોમતદારઃ-**

(૧) અલ્તાફઅહેમદ રસીદઅહેમદ અંસારી
રહે.ગામ-કમનાપુર, તા.ટાંડા,
થાના-ઈબ્રાહીમપુર,જી.ફૈજાબાદ,
ઉત્તરપ્રદેશ

(૨) સત્તારખાન અબ્દુલહકીમ સુન્ની મુસલમાન
રહે.ગામ-થાતુટી,તા.ભીણાઈ,
થાના-સરવાડ,જી.અજમેર,
રાજસ્થાન

(૩) પ્રકાશ અંકુશ સીન્દે(મરાઠી)
રહે.ગામ-બાગેબાબડ,જી.બીડ,
મહારાષ્ટ્ર

(૪) કૃણાલ રમેશભાઈ ભટ્ટ
રહે.એ/૩૬,શક્તિનગર,
વિદ્યા નિકેતન સ્કુલની સામે,
ખોડીયારનગર,બાપુનગર,
અમદાવાદ

(૫) દેવચંદ ઉર્ફે મીશ્રાજી ત્રિવેણીભાઈ ચૌધરી
રહે.૧૭,રાધેશ્યામ બંગ્લોઝ,
અંબાજીનગર સોસાયટી રોડ,
ચાણસ્મા હાઈવે,તા.જી.પાટણ.
મુળ રહે.મોરો, તા.કનસી સીમરી,
જી.દરભંગા,થાના–વિસનપુર,
બિહાર

(૬) ભલાજી ઉર્ફે લાલો ભવાનજી ઠાકોર
રહે.બી.ડી.હાઈસ્કુલ પાસે,
ફાટીફાલ દરવાજા બહાર,
પાટણ,તા.જી.પાટણ.

(૭) સૌકત સહીરમોહંમદ શેખ
રહે.ગામ–થાતુટી,તા.કેકડી,
જી.અજમેર,થાના–ભીનાઈ,
રાજસ્થાન

---

સરકારશ્રી તર્ફે વિ.એડી.પી.પી.શ્રી જી.પી.દવે
આરોપી નં.૧,૨,3,૭ તર્ફે વિ.વ.શ્રી એમ.આઇ.લાલીવાલા
આરોપી નં.૪ તર્ફે વિ.વ.શ્રી આઇ.એમ. મુન્સી
આરોપી નં.૫ તર્ફે વિ.વ.શ્રી એસ.વી.ઠક્કર
આરોપી નં.૬ તર્ફે વિ.વ.શ્રી જી.એસ.સોલંકી

---

**સેશન્સ કેસ નં.૧૩૪/૨૦૧૫**

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**તહોમતદારઃ–** (૧) શૈલેષભાઈ ઈન્દુલાલ શાહ
રહે.૯,દિપઆનંદ ફ્લેટ,
પરિમલ હોસ્પીટલ સામે,એલ.જી.કોર્નર,
મણીનગર, અમદાવાદ.

(૨) બકુલચંદ્ર નરહરિપ્રસાદ વ્યાસ
રહે.એ/૧૧,તુલસીકુંજ સોસાયટી,

વૈભવ હોટલ પાછળ,ઘોડાસર ચોકડી,
મણીનગર,અમદાવાદ.

**નોંધઃ–આરોપી નં.૨ ચાલુ કામે મરણ જતા એબેટ**

**ગુનોઃ– ઈ.પી.કો.કલમ–૩૦૨,૨૦૧,૩૩૭,૧૧૪ મુજબ.**

---

સરકારશ્રી તર્ફે વિ.એડી.પી.પી.શ્રી જી.પી.દવે
આરોપી નં.૧,૨ તર્ફે વિ.વ.શ્રી પુનમબેન એચ.ગોર

---

## ચુ કા દો

(૧) આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ–૩૦૨, ૨૦૧, ૩૩૭, ૧૧૪ મુજબના ગુના અંગે હાલનો કેસ છે.

(૨) ફરિયાદી આર.આર.સરવૈયા, પોલીસ ઈન્સ્પેકટર, ક્રાઈમબ્રાંચ, અમદાવાદ શહેરની તા.૨૯–૬–૨૦૧૨ ના રોજની ફરિયાદ હકિકત ટૂંકમા એવી છે કે ફરિયાદી સાથેના પો.સ.ઈ. કે.જી.ચૌધરી તથા સ્ટાફના માણસો સાથે નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુમ થયેલ બાળકોની તપાસમાં હતા ત્યારે પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર તરફથી ફરિયાદીને નરોડા પોલીસ સ્ટેશન જાણવા જોગ એન્ટ્રી નં.૧૬૪/૨૦૧૨, તા.૨૫–૬–૨૦૧૨ ની તપાસ સંભાળી લેવા સુચના મળતા ફરિયાદીએ તપાસ સંભાળેલી, નરોડા ખાતેના ઓમ ફનફેર નામના આનંદમેળા ખાતે એક બાળક નામે મયુર સન ઓફ બાલાજી કેશરજી ઠાકોર, ઉ.વ.૯ રહે.ચામુંડાનગરની ચાલી, એસ.એન. ડેકોરેટર્સના સામે, નરોડા, અમદાવાદનાનો પોતાના ઘરની બાજુમાં આવેલ આનંદમેળામાં જવા માટે તા.

૨૪–૬–૨૦૧૨ ના રોજ રાત્રીના કલાક ૨૦–૩૦ વાગ્યે પોતાની મમ્મી પાસેથી રૂા.૧૦/– લઈને નિકળેલ બાદમાં પરત ઘરે પહોંચેલ નહીં જેની તપાસ દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે નરોડા આનંદમેળા ખાતે કામ કરતા કલુવા અબ્દુલ અજીજ બાગવાન નામનો માણસ ઉપરોકત ગુમ થયેલ મયુર બાબતે કંઈક હકીકત જાણે છે જે આધારે નરોડા ખાતેના ઓમ ફનફેર જાયન્ટવીલ જુલો (ચગડોળ) ચલાવવાનુ કામ કરતા કલુવા અબ્દુલઅજીજ બાગવાનને વિશ્વાસમાં લઈ ગુમ થયેલ બાળક મયુર બાબતે પુછપરછ કરતાં તેણે જણાવ્યા મુજબ તા.૧૪–૬–૨૦૧૨ થી તેઓ આ આનંદમેળામાં કામ કરતા હોવાનુ તેમજ આ ઓમ ફનફેરના આયોજક કૃણાલભાઈ રમેશભાઈ ભટ્ટ તથા મિશ્રાજી નામનો માણસ છે, મેળાની અંદર મોતના કુવાના શો વાળી જગ્યા આવેલી છે તેના માલીક સૌકત નામનો માણસ છે જેમાં રાજુ રામનાથજી મેણા મોતના કુવામાં મોટર સાયકલ ચલાવે છે અને તેની મદદમાં અલ્તાફહુસેન રશીદએહમદ અન્સારી, સત્તારખાન અબ્દુલહકીમખાન, પ્રકાશ અંકુશ સિંદેનાઓ મોતના કુવાના ખેલ વાળી જગ્યાએ હાજર હોય છે, તા.૨૪–૬–૨૦૧૨ ના રોજ આનંદ મેળામાં જાયન્ટવીલ (ચગડોળ) ઉપર હાજર હતા દરમ્યાન રાતના પોણા નવેક વાગ્યાના અરસામાં આનંદમેળાના આયોજક કુણાલ ભટ્ટ, કલુવા અબ્દુલ અજીજ બાગવાન પાસે આવેલા અને જણાવેલ કે મોતના કુવા પાસે એક બાળકને ઈલેકટ્રીક કરંટ લાગેલો છે અને તરફડીયા મારે છે જેથી મોતના કુવાના પાછળના ભાગે જતા સૌકતના તંબુમાં ખાટલા ઉપર એક નાના છોકરાને સુવડાવેલ હતો અને તે તરફડીયા મારતો હતો તેની આજુબાજુ સૌકત તથા અલ્તાફહુસેન

અંસારી, સત્તારખાન, પ્રકાશ સિંદે ઉભેલ હતા, તેઓ તમામ ચર્ચા કરતા હતા કે આ બાળકને ઈલેકટ્રીક કરંટ લાગેલ છે અને તે વધુ સમય જીવે તેવુ લાગતુ નથી, આ છોકરાના સગા સબંધીને તેઓ તમામ જાણતા નથી જેથી આ છોકરાને કયાંક બહાર લઈ જઈને ફેંકી દઈએ તો આ વાતની કોઈને ગંધ આવશે નહીં તે પછી કૃણાલ ભટ્ટ તથા સૌકત બંને જણા આ છોકરાને ઉપાડી તંબુના પાછળના ભાગે લઈ ગયેલ જયાં કૃણાલની પેશન મોટર સાયકલ ઉપર સૌકત તથા કૃણાલ બંને જણા છોકરાને લઈને ત્યાંથી નિકળી ગયેલા પછી બીજા દિવસે સવારે કૃણાલ ભટ્ટ તથા સૌકત બંને મળેલા તેઓએ જણાવેલ કે રસ્તામાં તેઓએ મિશ્રાજીને ફોન કરી જાણ કરતા મિશ્રાજી તેમના ડ્રાઈવર લાલા નામના માણસ સાથે વેગન આર કાર લઈને આવેલા અને અડાલજ પાસેથી આ છોકરાને મિશ્રાજીની વેગન આર કારમાં સૌકત તથા મિશ્રાજીનો ડ્રાઈવર લાલો બંને જણા લઈ ગયેલા અને તે છોકરાને પાલનપુર પાસે આવેલ એક પુલ પાસે જઈને ફેંકી આવેલ છે તે પછી સૌકત અને કૃણાલ ભટ્ટે આ બાબત કોઈને નહીં જણાવવા અને કોઈને જાણ કરીશ તો આ કેસમાં ફસાવી દેવાની ધમકી આપેલી, આ મતલબની હકીકત કલુવા અબ્દુલઅજીજ બાગવાને ફરિયાદી રૂબરૂ જણાવતા અને ફરિયાદીએ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતા એક અજાણ્યા બાળકની લાશ મળી આવેલ જે લાશ ઉપરના કપડા તથા વર્ણન મુજબ ઉપરોકત ગુમ થનાર મયુર નામના છોકરાનીજ આ લાશ હોવાનુ જણાઈ આવેલ જેથી ઉપરોકત તમામ સામે ફરિયાદીની ઈ.પી.કો. કલમ–૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબ કાયદેસર તપાસ થવા ફરિયાદ છે.

(૩) ફરિયાદીની ફરિયાદ અનુસંધાને અમદાવાદ શહેરના ડી.સી.બી. ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુન્હા રજી.નં.૪૩/૨૦૧૨ થી ગુનો રજીસ્ટર્ડ કરી તપાસના અંતે આરોપી નં.(૧) થી (૭) વિરૂધ્ધ ગુનાનો પુરતો પુરાવો મળતાં ઇ.પી.કો.કલમ–૩૦૨, ૨૦૧, ૩૩૭, ૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ ધોરણસર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧, અમદાવાદ સમક્ષ ક્રિમીનલ કેસ નં.૩૧૨/૨૦૧૨ થી રજીસ્ટર્ડ કરાવેલ છે ત્યારબાદ ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૯ અન્વયે મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧, અમદાવાદનાઓએ સદરહુ કેસ કમીટ કરી અત્રેની સિટી સેશન્સ અદાલતને આગળની ઇન્સાફી કાર્યવાહી સારૂ મોકલી આપેલો છે જેને સેશન્સ કેસ નં.૧૧૨/ ૨૦૧૩ આપવામાં આવેલો છે.

(૪) સેશન્સ કેસ નં.૧૧૨/૨૦૧૩ ના કામે આરોપી નં.(૧) થી (૭) અદાલતમાં હાજર થતાં મારી અગાઉના વિ.ન્યાયધીશ સાહેબે આરોપીઓ સામે આંક–૨૦ થી તહોમતનામું ફરમાવી તે આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવી તેમાં જણાવેલ તહોમત બાબતે પુછતાં આરોપીઓએ ગુના કબુલાતનો ઇન્કાર કરેલો છે જેથી આંક–૨૧ થી આંક–૨૭ સુધી આરોપીઓની પ્લી નોંધી ફરિયાદપક્ષને તેમનો પુરાવો રજુ કરવા માટે જણાવેલુ છે.

(૫) સેશન્સ કેસ નં.૧૧૨/૨૦૧૩ ના કામે રજુ થયેલ ચાર્જશીટના કોલમ નં.૨ માં નાશતા, ફરતા અને નહીં પકડાયેલા આરોપીઓ તરીકે જણાવેલા આરોપી નં.(૧) શૈલેષભાઇ ઇન્દુલાલ શાહ અને આરોપી નં.(૨) બકુલચંદ્ર નરહરીપ્રસાદ વ્યાસનાઓ વધુ તપાસમાં મળી આવતાં તેઓને સદર ગુના કામે અટક કરી તેઓ બંને વિરૂધ્ધ તપાસ કરી તપાસ કરનાર અધિકારીએ ઇ.પી.કો.

કલમ–૩૦૨, ૨૦૧, ૩૩૭, ૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ ધોરણસર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧, અમદાવાદ સમક્ષ ક્રિમીનલ કેસ નં.૫૮/ ૨૦૧૩ થી રજીસ્ટર્ડ કરાવેલ છે ત્યારબાદ ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૯ અન્વયે મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧, અમદાવાદનાઓએ સદરહુ કેસ કમીટ કરી અત્રેની સિટી સેશન્સ અદાલતને આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ મોકલી આપેલો છે જેને સેશન્સ કેસ નં.૧૩૪/૨૦૧૫ આપવામાં આવેલો છે.

(૬) સેશન્સ કેસ નં.૧૩૪/૨૦૧૫ ના કામે આરોપી નં.(૧)અને (૨) અદાલતમાં હાજર થતાં મારી અગાઉના વિ.ન્યાયધીશ સાહેબે આ બંને આરોપી સામે આંક–૨ થી તહોમતનામું ફરમાવી તે આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવી તેમાં જણાવેલ તહોમત બાબતે પુછતાં બંને આરોપીએ ગુના કબુલાતનો ઈન્કાર કરેલો છે જેથી આંક–૩ અને આંક–૪ થી બંને આરોપીની પ્લી નોંધી ફરિયાદપક્ષને તેમનો પુરાવો રજુ કરવા માટે જણાવેલુ છે.

(૭) સદર ગુના કામે ફરિયાદપક્ષ પોતાનો પુરાવો રજુ કરે તે પહેલા સેશન્સ કેસ નં.૧૩૪/૨૦૧૫ ના કામે સરકારશ્રી તર્ફે વિ.એડી.પી.પી.શ્રીએ આંક–૫ થી અરજી આપી સેશન્સ કેસ નં.૧૩૪/૨૦૧૫ અને સેશન્સ કેસ નં. ૧૧૨/૨૦૧૩ એક જ બનાવ અંગેના હોવાથી ઉપરોકત બંને સેશન્સ કેસો ભેગા કરી સેશન્સ કેસ નં.૧૧૨/૨૦૧૩ ના કામે પુરાવો નોંધવાની વિનંતી કરતા મારી અગાઉના વિ.ન્યાયધિશ સાહેબે આંક–૫ ની અરજી મંજુર કરી ઉપરોકત બંને કેસો સાથે ચલાવી પુરાવો નોંધવાનો હુકમ કરેલો છે.

(૮) ફરિયાદપક્ષ તર્ફે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક

તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## (અ) મૌખિક પુરાવા

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ડો.ધર્મેશ અમૃતસિંહ સીલાજીયા | ૩૨ |
| ૨ | હેમતાજી તરસંગજી ઠાકોર | ૩૭ |
| ૩ | ઇરફાન અબ્દુલહમીદ સીંધી | ૩૯ |
| ૪ | સજ્જનસિંહ જટુભા જાડેજા | ૪૩ |
| ૫ | જયંતીભાઇ ડાહ્યાભાઇ રાઠોડ | ૪૫ |
| ૬ | ઇશ્વરભાઇ ધુળાભાઇ સોલંકી | ૪૭ |
| ૭ | અજયભાઇ પ્રવિણભાઇ પટેલ | ૫૨ |
| ૮ | રાકેશભાઇ ગોરધનભાઇ ગજ્જર | ૫૪ |
| ૯ | ભરતસિંહ છત્રસિંહ ચૌહાણ | ૬૯ |
| ૧૦ | ફારૂક મોયુદ્દીન શેખ | ૮૯ |
| ૧૧ | નેહલભાઇ ધર્મેશભાઇ દવે | ૯૪ |
| ૧૨ | નુરખાન સામતખાન પઠાણ | ૯૬ |
| ૧૩ | સંજયસિંહ જટુભા જાડેજા | ૯૮ |
| ૧૪ | સંપત રામાજી રાઠોડ | ૧૦૦ |
| ૧૫ | અમજદઅલી સરદારઅલી પઠાણ | ૧૧૫ |
| ૧૬ | અલ્પનાબેન શ્રેયાંકકુમાર દાણી | ૧૧૬ |
| ૧૭ | બાલાજી કેશરજી ઠાકોર | ૧૧૮ |
| ૧૮ | જયોત્સનાબેન બાલાજી ઠાકોર | ૧૨૦ |
| ૧૯ | પંકજકુમાર મફતલાલ પટેલ | ૧૨૧ |
| ૨૦ | તરણકુમાર અશ્વિનભાઇ ભટ્ટ | ૧૫૮ |
| ૨૧ | મહેન્દ્રસિંહ ધીરૂસિંહ ઝાલા | ૧૫૯ |
| ૨૨ | બલભદ્રસિંહ ફતુભા ગોહીલ | ૧૬૦ |
| ૨૩ | વિષ્ણુકુમાર રામજીભાઇ ચૌધરી | ૧૬૨ |
| ૨૪ | આયદાનજી કાળુજી ગઢવી | ૧૬૩ |
| ૨૫ | કિશોરભાઇ બચુભાઇ શહેરી | ૧૬૪ |

| | | |
|---|---|---|
| ૨૬ | પરેશ ઈશ્વરભાઈ સોલંકી | ૧૬૫ |
| ૨૭ | સ્મિતેષ ધનશ્યામભાઈ સોલંકી | ૧૭૭ |
| ૨૮ | રામજીભાઈ ડુંગરભાઈ પરમાર | ૧૭૯ |
| ૨૯ | રાજુભાઈ રામનાથજી મીણા | ૨૦૦ |
| ૩૦ | કલુઆ અજીજ બાગવાન | ૨૦૧ |
| ૩૧ | રાજેન્દ્રસિંહ રણજીતસિંહ સરવૈયા | ૨૦૭ |
| ૩૨ | નરેન્દ્રસિંહ વજેસિંહ રહેવર | ૨૧૪ |
| ૩૩ | શોભાબેન શ્રિનિવાસ રાવ | ૨૨૦ |
| ૩૪ | પ્રવિણસિંહ ગટોરસિંહ વાઘેલા | ૨૨૨ |
| ૩૫ | બાબુભાઈ મહાદેવભાઈ દેસાઈ | ૨૪૯ |

## (બ) દસ્તાવેજી પુરાવા

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુજરનારની પોષ્ટમોર્ટમ નોટ | ૩૩ |
| ૨ | પી.એમ.માટે લખેલ પોલીસ યાદી | ૩૪ |
| ૩ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૩૮ |
| ૪ | રી–ઈન્કવેસ્ટ પંચનામુ | ૪૪ |
| ૫ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૪૬ |
| ૬ | ગુનાવાળી જગ્યાએથી વિડીયોગ્રાફી અને ફોટા લેવા અંગેનુ પંચનામુ | ૫૩ |
| ૭ | ગુજરનાર મયુરને કરંટ લાગેલ તે મોતના કુવા વાળી જગ્યાનુ પંચનામુ | ૫૫ |
| ૮ | પંચસ્લીપો | ૫૬ થી ૬૧ |
| ૯ | પંચસ્લીપ | ૭૦ |
| ૧૦ | મરનારની લાશ ઉપરથી લીધેલ નમુના કબજે કર્યાનુ પંચનામુ | ૭૧ |
| ૧૧ | મરનારને આરોપી સૌકતે જયાં ફેંકેલો તે જગ્યા બતાવ્યાનુ પંચનામુ | ૭૨ |
| ૧૨ | મરનારના કપડા પાલનપુર પોલીસ સ્ટેશનથી લાવીને રજુ કર્યાનુ પંચનામુ | ૭૩ |

| | | |
|---|---|---|
| ૧૩ | આરોપીઓએ ગુનામાં વાપરેલ વેગનઆર કાર કબજે કર્યાનુ પંચનામુ | ૯૦ |
| ૧૪ | આરોપીઓએ ગુનામાં વાપરેલ મોટર સાયકલ કબજે કર્યાનુ પંચનામુ | ૯૫ |
| ૧૫ | આરોપી સૌકતે કરંટવાળી જગ્યા બતાવ્યાનુ પંચનામુ | ૯૯ |
| ૧૬ | મરનારની લાશ ઉપરથી કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૧૦૧ |
| ૧૭ | નાશતા ફરતા આરોપી સૌકત શેખને પકડવા કરેલી કાર્યવાહી અંગેનુ પંચનામુ | ૧૦૨ |
| ૧૮ | વિજ કનેકશનને લગતો ફોરવર્ડીગ પત્ર | ૧૧૭ |
| ૧૯ | ગુનાના કામે વપરાયેલ ગાડીના કાગળો | માર્ક-એ |
| ૨૦ | મરનારના કપડા તેના પિતાએ ઓળખી બતાવ્યા અંગેનુ પંચનામુ | ૧૫૬ |
| ૨૧ | જાણવાજોગ એન્ટ્રીનો ઉતારો | ૧૬૧ |
| ૨૨ | ગુનાવાળી જગ્યાની વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફીની સીડી | ૧૬૭<br>૧૬૮ |
| ૨૩ | ખોવાયેલ બાળકનો ફોટો | ૧૭૮ |
| ૨૪ | ફરિયાદ | ૨૦૮ |
| ૨૫ | ક્રિ.પ્રો.કોડ કલમ-૧૫૭ નો રીપોર્ટ | ૨૦૯ |
| ૨૬ | ડી.એન.એ.રીપોર્ટ | ૨૨૧ |
| ૨૭ | ટેલીફોનીક વર્ધી | ૨૨૩ |
| ૨૮ | એફ.એસ.એલ.અધિકારીએ ગુનાવાળી જગ્યાની મુલાકાત અંગે સ્થળ ઉપર આપેલ પ્રાથમિક અભિપ્રાય | ૨૨૪ |
| ૨૯ | એફ.એસ.એલ.રવાનગી નોંધ(માટી અંગે) | ૨૨૫ |
| ૩૦ | એફ.એસ.એલ.રવાનગી નોંધ(વિશેરા અંગે) | ૨૨૬ |
| ૩૧ | એફ.એસ.એલ.રવાનગી નોંધ(કુલ-૧૩ સેમ્પલ) | ૨૨૭ |
| ૩૨ | એફ.એસ.એલ.રવાનગી નોંધ(ડી.એન.એ.બે પાર્સલ) | ૨૨૮ |
| ૩૩ | એફ.એસ.એલ.પહોંચ | ૨૨૯ થી ૨૩૧ |
| ૩૪ | એફ.એસ.એલ.અધિકારીએ ગુનાવાળા સ્થળની મુલાકાત અંગે સ્થળ ઉપર આપેલ અભિપ્રાય | ૨૩૨ |
| ૩૫ | એફ.એસ.એલ.અધિકારીએ ગુનામાં વપરાયેલ વેગનઆર કાર | ૨૩૩ |

| | | |
|---|---|---|
| | અને મોટર સાયકલ બાબતે આપેલ અભિપ્રાય | |
| ૩૬ | એફ.એસ.એલ.નો પત્ર | ૨૩૪ |
| ૩૭ | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા બાબતે પત્ર,નકશો | ૨૩૫ |
| ૩૮ | એફ.એસ.એલ. અહેવાલ | ૨૩૬ |
| ૩૯ | એફ.એસ.એલ.નો સિરોલોજીવિભાગનો અહેવાલ | ૨૩૭ |
| ૪૦ | ડી.એફ.એસ.વિભાગનો ભૌતિકશાસ્ત્રનો અહેવાલ | ૨૩૮ |
| ૪૧ | એફ.એસ.એલ. અહેવાલ | ૨૩૯, ૨૪૦ |
| ૪૨ | વોડાફોન મોબાઈલ નં.૯૯૧૩૭૬૧૮૬૭ ની કોલડીટેઈલ્સ | ૨૪૧ |
| ૪૩ | વોડાફોન મોબાઈલ નં.૯૯૭૮૫૩૯૦૯૩ ની કોલ ડીટેઈલ્સ | ૨૪૨ |
| ૪૪ | યુનીનોરના મોબાઈલ નં.૮૭૩૫૦૦૭૦૩૧ ની કોલ ડીટઈલ્સ | ૨૪૩ |

(૯) ફરિયાદપક્ષ તર્ફે પુરાવો પુરો થતાં ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ તેઓની સામે ખોટી ફરિયાદ દાખલ કરીને ખોટુ ચાર્જશીટ કરેલાનુ તેમજ તેઓ તદ્દન નિર્દોષ અને બેગુનાહ હોવાનુ જણાવેલુ છે. આરોપીઓએ સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે બચાવમાં સાહેદો તપાસેલા નથી.

(૧૦) આ કેસના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે તહોમતદાર નં.૪,૫ કૃણાલ અને દેવચંદે ભાગીદારીમાં તા.૭–૬–૨૦૧૨ થી તા.૧૧–૭–૨૦૧૨ દરમ્યાન અમદાવાદ શહેરના નરોડા ચંદન તલાવડી ખાતે ઓમ ફનફેર (આનંદમેળા) નુ આયોજન કરેલ જેમાં ટેમ્પરરી

લાઈટીંગ માટે તહોમતદાર શેલેષભાઈએ ઈલેકટ્રીક કન્સલટન્ટ તરીકે રજુ કરેલ પ્લાન તથા આપેલ બાંહેધરી મુજબ વાયરીંગ નહીં કરાવેલ હોવા છતાં તહોમતદાર બકુલચંદ્રએ વિદ્યુત નિરક્ષક તરીકે ખોટો ઈન્સ્પેકશન રીપોર્ટ આપી આનંદમેળાના આયોજકોના નામે એન.ઓ.સી. ઈસ્યુ કરાવી તહોમતદાર શૈલેષે આપેલ લેખિત બાંહેધરી મુજબ આનંદમેળામાં વાયરમેન/સુપરવાઝઈર નહીં રાખી તહોમતદારોએ માનવ જીંદગી તથા લોકોની જીંદગી જોખમમાં મુકાય તે પ્રમાણે અક્ષમ્ય બેદરકારી દાખવેલી જેના કારણે તા.૨૪-૬-૨૦૧૨ ના રોજ રાત્રીના કલાક ૨૦-૪૫ વાગ્યે મયુર બાલાજી ઠાકોર ઉ.વ.આ.૯ આનંદમેળો જોવા ગયેલ ત્યારે તેને ઈલેકટ્રીક કરંટ લાગતા તે તરફડીયા મારતો પડેલ હતો ત્યારે તહોમતદાર નં. ૧,૨,૩,૪,૭ મયુરને મોતના કુવા પાસે આવેલ તંબુમાં લઈ ગયેલ અને મયુરને અન્ય જગ્યાએ ફેંકી દેવાનુ નક્કી કરી તહોમતદાર નં.૪ કૃણાલ અને તહોમતદાર નં.૭ સૌકતે મયુરને મોટર સાયકલ નં. જી.જી.૧.એલ.એમ.૯૩૩૯ ઉપર બેસાડી કોતરપુર નજીક લઈ જઈ તહોમતદાર નં.૫ દેવચંદને મોબાઈલ ફોન કરી કાર લઈ આવવા જણાવતા તહોમતદાર નં.૫ દેવચંદ તહોમતદાર નં.૬ ડ્રાઈવર ભલાજી સાથે વેગનઆર કાર નં.જી.જી.૨૪-એ-૬૨૦૪ લઈને અડાલજ આવેલ ત્યાં તહોમતદાર નં.૬ ભલાજી અને તહોમતદાર નં.૭ સૌકત બાળક મયુરને વેગનઆર કારમાં બેસાડી પાલનપુર

આબુ રોડ ઉપર આવેલ ચિત્રાસણી ગામની સીમમાં નાળા નં. ૬૦૯/૯ પાસે લઇ જઇ નાળા ઉપરથી મયુરને નીચે નાંખી દઇ તેનુ મોત નિપજાવી પુરાવાનો નાશ કરી તહોમતદારોએ એકબીજાની મદદગારીમાં ઇ.પી.કો. કલમ–૩૦૨, ૨૦૧, ૩૩૭, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨** શું હુકમ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારો ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧** નકારમાં,

**મુદ્દા નં.૨** આખરી હુકમ મુજબ.

**કા ર ણો**

**(૧૨)** **મુદ્દા નં.૧ અને ૨**

સદર કામે બંને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય સુવિધા ખાતર આ બંને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

(૧) ફરિયાદપક્ષ તર્ફે વિ.એડી.પી.પી.શ્રી દલીલ કરતા જણાવે છે કે આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો.કલમ–૩૦૨, ૨૦૧, ૩૩૭, ૧૧૪ મુજબના ગુનાનુ જે તહોમતનામુ ફરમાવેલુ છે તે અંગે ફરિયાદપક્ષ તર્ફે પોતાનો કેસ પુરવાર કરવા માટે કુલ્લે–૩૫ જેટલા સાહેદો તપાસેલા છે તથા જરૂરી દસ્તાવેજી પુરાવા પણ રજુ કરેલા છે. આ કામે આંક–૩૨ થી તપાસેલા ડોકટર સાહેદની જુબાની વંચાણે લેતાં મરનાર મયુરને ઇલેકટ્રીક કરંટ લાગતા મરણ પામેલ હોવાની વિગતોને સમર્થન મળે છે તેમજ આંક–૩૩ ની પી.એમ.નોટમાં

જણાવ્યા મુજબની ઈજાઓ મરનારને થયેલી છે, આ કામે તપાસેલા પંચ સાહેદોની જુબાની મારફતે રજુ થયેલા પંચનામા દ્વારા પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે, ફરિયાદપક્ષ તર્ફે આંક–૨૦૭ થી તપાસેલા ફરિયાદી કે જેઓ બનાવ સમયે ક્રાઈમ બ્રાંચ, અમદાવાદ ખાતે પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તેઓએ પોતાની ફરિયાદને અનુરૂપ જુબાની આપેલી છે અને આંક–૨૦૮ થી ફરિયાદ રજુ કરેલી છે, સદર ગુના કામે તપાસ કરનાર અધિકારી પ્રવિણસિંહ ગટોરસિંહ વાઘેલાને આંક–૨૨૨ થી તપાસેલા છે અને તેઓએ જુબાની દરમ્યાન આંક–૨૨૪ થી આંક–૨૪૩ સુધી એફ.એસ.એલ.અંગેના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે જે તમામને ધ્યાને લેતાં આ કામના આરોપીઓ વિરૂધ્ધનો કેસ ફરિયાદપક્ષ દ્વારા નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલ હોવાથી કાયદામાં જણાવ્યા મુજબની સજા આરોપીઓને કરવા માટે વિનંતી કરી છે.

(૨) વિ.વ.શ્રી એમ.આઈ.લાલીવાલાએ આરોપી નં.૧,૨,૩,૭ તર્ફે આંક–૩૨૬ થી લેખિત દલીલો રજુ કરી જણાવેલ છે કે આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામુ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષને શિરે છે, ફરિયાદપક્ષે તપાસેલા સાહેદોની જુબાની વિશ્વાસજન્ય, તટસ્થ, સાચી અને ન્યાયી છે કે કેમ તે ઝીણવટભરી રીતે તપાસવી જરૂરી છે, પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે સાહેદોની જુબાનીમાં આવતા કોન્ટ્રાડીકશન અને ઓમીશન ખુબ જ મહત્વના છે, ફોજદારી કાયદાના સિધ્ધાંત મુજબ આરોપી સામેનુ તહોમતનામુ પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનુ અનુમાન કરવુ પડે અને શંકાનો લાભ હંમેશા આરોપીની તરફેણમાં આપવો જોઈએ, અદાલતે સૌપ્રથમ એ

નક્કી કરવાનુ છે કે મરણ જનાર મયુર બાલાજી ઠાકોરનુ મોત અકુદરતી હતુ કે કેમ અને તેના મોતના કારણો શું હતા? સાહેદ નં.૧ થી તપાસેલા ડોકટરની સરતપાસ મુજબ ઈજા નં.૪ વિશેનો અભિપ્રાય હિસ્ટોપેથોલોજીકલ રીપોર્ટ ઉપર આધારીત હતો અને મૃત્યુનુ કારણ શબ પરીક્ષણ બાદ એફ.એસ.એલ.રીપોર્ટ અને હિસ્ટોપેથોલોજીકલ રીપોર્ટ આવે ત્યાં સુધી મુલત્વી રાખેલ હતુ, ડોકટર સાહેદ પેરા નં.૧૬ માં કબુલ રાખે છે કે કોહવાટના લીધે તેમજ શરીરમાં કીડા પડી જવાના કારણે મૃત્યુ વિશે સ્પષ્ટ અભિપ્રાય આપી શકાય તેમ ન હતો, ચામડી સડી જવાના કારણે ઈલેકટ્રીક શોક કયા ભાગ ઉપર લાગેલ તે નક્કી કરી શકાય તેમ ન હતુ જે તમામ સંજોગોમાં મરણ જનારનુ મૃત્યુ ઈલેકટ્રીક શોકને કારણે થયુ હોવાનુ સાબિત થતુ નથી, આંક-૩૭ અને આંક-૩૯ થી તપાસેલા પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા હોવાથી ગુજરનારની લાશ પાલનપુરથી મળી આવેલ હોવાનુ સાબિત થતુ નથી, આંક-૪૩ થી તપાસેલા સાહેદ ઉલટ તપાસના પેરા નં.૩ માં કબુલ રાખે છે કે લાશ ઉપર કોઈ ઓળખ ચિહન ન હતા અને ત્યાંના કપડા જોયેલા નહીં આથી આ લાશ મરણ જનાર મયુરની હતી તેવુ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે, આંક-૪૫ અને આંક-૪૭ થી તપાસેલા પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે જેથી જોયેલી લાશ મયુરની હોવાનુ ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી, આંક-૫૨ થી તપાસેલા પંચ સાહેદ ઉલટ તપાસમાં કબુલ રાખે છે કે જમ્બો ચકડોળથી મોતનો કુવો ૨૦ થી ૨૫ ફુટ દુર હશે અને છુટા વાયરો જમીન ઉપર પડેલા હતા, બહારના વાયરો જમીન ઉપર પડેલા હતા તેનો પંચનામામાં ઉલ્લેખ નથી, આંક-૫૪ થી તપાસેલા પંચ સાહેદ

ઉલટ તપાસમાં કબુલ રાખે છે કે તેઓ કહે છે તેવા બે બંડલ મુદ્દામાલ બોક્ષમાં નથી તેમજ કોઇ ટ્યુબલાઇટ કબજે કરેલ નથી. વધુમાં આંક–૬૯ થી તપાસેલા પંચ સાહેદની જુબાનીમાં કરેલ કબુલાત પુરાવા અધિનિયમની કલમ–૨૫,૨૬ મુજબ પોલીસ રૂબરૂની કબુલાત હોવાથી પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં તેમજ આ પંચ સાહેદ પોલીસ પંચ હોવાનુ પુરવાર થાય છે, આંક–૮૯, આંક–૯૪, આંક–૯૬ થી તપાસેલા પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલા છે, આંક–૯૮ થી તપાસેલા પંચ સાહેદે જણાવેલ વિગતો કબુલાત સ્વરૂપની હોવાથી પુરાવા અધિનિયમની કલમ–૨૫, ૨૬ મુજબ પુરાવામાં વંચાણે લઇ શકાય નહીં, આંક–૧૦૦ થી તપાસેલા પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલા છે, આંક–૧૧૫ થી તપાસેલા સાહેદે ઉલટ તપાસમાં કબુલ રાખે છે કે તેમણે ઇલેકટ્રીક કામકાજને લગતી ડીગ્રી કે ડીપ્લોમાં કરેલ નથી, સાહેદે જે મુદ્દામાલ જોયો તેની ઓળખ અંગે તેના ઉપર કોઇ નિશાની કરેલ નથી. વધુમાં આંક–૧૧૬ થી તપાસેલા સાહેદે ઉલટ તપાસના પેરા નં.૧૦ માં કબુલ રાખેલ છે કે જો વિજ વહન સતત ચાલુ હોય તો તેનો અર્થ એવો થાય કે શોર્ટ સરકીટ થયેલી નથી, આંક–૧૮૮ થી ગુજરનારના પિતાને તપાસેલા છે તેઓને બનાવ અંગે કોઇ જાત માહિતી નથી, આંક–૧૨૦ થી ગુજરનારના માતાને તપાસેલા છે આ સાહેદને પણ બનાવ અંગે કોઇ જાત માહિતી નથી, આ સાહેદે ઉલટ તપાસના પેરા નં.૧૦ માં જણાવ્યા મુજબ સરતપાસમાં જણાવેલ હકીકતો પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નહીં હોવાનુ કબુલ રાખે છે, આંક–૧૨૧ થી વેગનઆર ગાડીના માલિકને તપાસેલા છે તેઓએ ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે પોલીસે ફકત કાગળો લીધેલા અને

નામ, સરનામુ પુછેલુ તે સિવાય પોલીસને કશુ જણાવેલુ નહીં, આંક-૧૫૮ થી ક્રાઇમ બ્રાંચના પોલીસ સબ ઈન્સ્પેકટરને તપાસેલા છે આ સાહેદે પંચો રૂબરૂ કરેલા આંક-૯૦ પંચનામાની વિગતોને આંક-૮૯ તથા આંક-૯૬ થી તપાસેલા પંચ સાહેદો સમર્થન કરતા નથી અને ફરી ગયેલા જાહેર થયેલા છે, આંક-૧૫૯ થી તપાસેલા ક્રાઇમ બ્રાંચમાં ફરજ બજાવનાર સાહેદ ઉલટ તપાસમાં પોલીસ રૂબરૂના નિવેદનમાં ન જણાવેલ વિગતો સરતપાસમાં જણાવેલ હોવાનુ કબુલ રાખે છે, આંક-૧૬૦ થી તપાસેલા સાહેદે "મને કપડા બતાવવામાં આવે તો ઓળખી શકુ" તેવી વિગતો નિવેદનમાં લખાવેલ ન હોવાનુ કબુલ રાખેલ છે, આંક-૧૬૨ થી તપાસેલા સાહેદે ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે ઈન્કવેસ્ટ પંચનામામાં ગોદડી અને જાંગીયાની હકીકત લખાવેલ નથી તેમજ પંચનામામાં આસમાની ચોકડી કલરના શર્ટનો ઉલ્લેખ કરેલ નથી, આંક-૧૬૩ થી તપાસેલા સાહેદે જુબાનીમાં જણાવેલ છે કે કપડા અને બાકીનો મુદ્દામાલ સીલબંધ ન હતો અને કપડા બતાવ્યા બાદ સિલ કરેલા નહીં, આંક-૧૬૪ થી તપાસેલા એફ.એસ.એલ. માં ફરજ બજાવનાર સાહેદની ઉલટ તપાસ જોતા ડોકટરે સેમ્પલ કયારે આપ્યુ, કયારે એફ.એસ.એલ. માં મોકલ્યુ અને પહોંચ કયારે મળી તેવી હકીકતો નિવેદનમાં લખાવેલ ન હોવાનુ જણાવે છે, આંક-૧૬૫ થી તપાસેલા સાહેદે ઉલટ તપાસના પેરા નં.૫ માં જણાવેલ છે કે વિડીયોગ્રાફીની સી.ડી.કયાં તૈયાર થયેલી, કયારે તૈયાર થયેલી, કોની મદદથી તૈયાર કરવામાં આવેલી તે કહી શકે નહીં તેમજ આ સી.ડી. બાબતે ભારતીય પુરાવા અધિનિયમ મુજબ સર્ટીફીકેશન કરવામાં આવેલ નથી તેમજ વિડીયો કે ફોટોગ્રાફરને સાહેદ તરીકે

તપાસેલા નથી, આંક–૧૭૭ થી તપાસેલા સાહેદે આંક–૧૭૮ થી ગુજરનારનો ફોટોગ્રાફ રજુ કરેલ છે પરંતુ આ ફોટાની નેગેટીવ રજુ કરેલ નથી જેથી આ ફોટોગ્રાફ પુરાવામાં ગ્રાહ્ય નથી, આંક–૧૭૯ થી તપાસેલા સાહેદની જુબાનીથી જાણવાજોગ લેખિતમાં નહીં પરંતુ મૌખિકમાં આપેલ હોવાનુ ફલિત થાય છે, આંક–૨૦૦ થી તપાસેલા સાહેદને ફરી ગયેલા જાહેર કરેલા છે અને આ સાહેદે ઉલટ તપાસમાં કબુલ કરેલુ છે કે પોલીસે નામ, સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં અને સાહેદ હિન્દી ભાષી છે તેમને ગુજરાતી આવડતુ નથી, પોલીસે શું લખ્યુ તે વંચાવેલુ નહીં અને સમજાવેલુ નહીં, આંક–૨૦૧ થી તપાસેલા અગત્યના સાહેદને પણ ફરી ગયેલા જાહેર કરેલા છે, આ સાહેદે ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે તેઓ તેમની જગ્યા છોડીને કયાંય ગયા નથી તેમજ સાહેદ ગુજરાતી બોલી કે સમજી શકતા નથી, પોલીસે નિવેદનમાં શું લખેલુ તે વંચાવેલુ કે સંભળાવેલુ નહીં.

વધુમાં લેખિત દલીલો મુજબ આંક–૨૦૭ થી તપાસેલા ફરિયાદીની જુબાનીને સ્વંતત્ર સાહેદો રાજુભાઇ રામનાથજી મીણા તેમજ કલુઆ અજીજ બાગબાન સમર્થન કરતા નથી, આંક–૨૧૪ થી તપાસેલા સાહેદે માત્ર સી.આર.પી.સી.કલમ–૧૫૭ મુજબનો રીપોર્ટ જાહેર કરેલો છે તે સિવાય કોઇ અગત્યની હકીકત જાહેર કરેલી નથી, આંક–૨૨૦ થી ડી.એન.એ.ટેસ્ટ માટેના સાહેદને તપાસેલા છે, આંક–૨૨૨ થી તપાસ કરનાર અમલદારને તપાસેલા છે જેઓએ સાહેદ કલુઆ અબ્દુલઅજીજ, રાજેન્દ્ર ઉર્ફે રામનાથ તેમજ મુજાહીદ મેહમુદ્દીનના ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો રેકર્ડ કરાવેલા છે પરંતુ

આ ત્રણ પૈકી બે સાક્ષીઓએ તે નિવેદનનો ટેકો આપેલ નથી અને ફરી ગયેલા જાહેર થયેલ છે અને ત્રીજા સાહેદ મુજાહીદને ફરિયાદપક્ષે તપાસેલા નથી, બનાવ નજરે જોનાર ત્રણ સાહેદોએ ફરિયાદપક્ષના કથનને ટેકો આપેલો નથી. વધુમાં લેખિત દલીલો મુજબ આરોપીઓની કબુલાત પોલીસ તપાસ દરમ્યાનની અને પોલીસ રૂબરૂની હોવાથી પુરાવા અધિનિયમની કલમ–૨૫,૨૬ મુજબ પુરાવામાં ગ્રાહ્ય નથી, સાંયોગીક પુરાવાનો કાયદાકીય સિધ્ધાંત છે કે તમામ સંજોગોની સાંકળ સતત અને અતુટ હોવી જોઇએ, તમામ સંજોગો એવુ નિર્દેશ કરતા હોય કે એક માત્ર આરોપીએ જ આ ગુનો કર્યો હોવાનુ માનવાને કારણ છે, બધા સંજોગોને એકી સાથે વાંચવામાં આવે તો તમામ પુરાવાર થયેલા સંજોગો આરોપી ઉપર અંગુલી નિર્દેશ કરતા હોવા જોઇએ અને સંજોગોની સાંકળ અતુટ હોવી જોઇએ, હાલના કેસમાં બનાવના સંજોગોની સાંકળ માની શકાય તેવા સાહેદોની જુબાની દ્વારા પુરવાર થયેલી ન હોવાથી ફરિયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોવાથી તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવા માટે વિનંતી કરેલી છે.

(૩) વધુમાં વિ.વ.શ્રી એસ.વી.ઠક્કરે આરોપી નં.૫ તર્ફે આંક–૩૨૭ થી લેખિત દલીલો રજુ કરી જણાવેલ છે કે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આક્ષેપિત કેસ શંકારહિત સાબિત કરવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર છે, આરોપીપક્ષે જે બચાવ રજુ કરવાનો હોય છે તે સંભવિતતાના સિધ્ધાંત ઉપર આધારીત હોય છે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૪, ૨૫ અને ૨૬ ની જોગવાઇઓ મુજબ પોલીસ સમક્ષની તથા પોલીસ કસ્ટડી દરમ્યાનની આરોપીની

રજુઆત કબુલાત સ્વરૂપની અગર તો નાકબુલાત સ્વરૂપની હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાતી નથી, શંકા પુરાવાનુ સ્થાન લઇ શકે નહીં, તબીબી પુરાવો ધ્યાને લેતાં ગુજરનાર બાળકનુ મૃત્યુ ઈલેક્ટ્રીક શોક અગર તો કરંટ લાગવાના કારણસર થયેલ છે તેવુ રેકર્ડ ઉપર પુરાવા સ્વરૂપે આવતુ નથી, રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાને લેતાં આરોપી નં.૫ આયોજીત મેળામાં ભાગીદાર હતા તેવો કોઇ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી, આરોપી નં.૫ નાએ મેળાના આયોજન માટે સક્ષમ અધિકારી સમક્ષ પરવાનો મેળવવા માટે અરજી કરેલ હોવાનુ સાહેદ નં.૧૬ ની જુબાનીમાં આંક-૧૧૭ થી દર્શાવેલ દસ્તાવેજો ઉપરથી ફલિત થાય છે, આક્ષેપિત બનાવ સમયે આરોપી નં.૫ બનાવ સ્થળે હાજર હતા તેવો ફરિયાદપક્ષનો કોઇ કેસ કે આક્ષેપ નથી તેમજ આ બાબતે કોઇ પુરાવો રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ નથી, ગુજરનારનુ શબ જે વેગનઆર ગાડીમાં લઇ જવામાં આવેલ તે વખતે ગાડીમાં આરોપી નં.૫ હાજર હતા તે બાબતે કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી, આક્ષેપ મુજબ ગુજનારનુ શબ વેગરનાર ગાડીમાં લઇ ગયેલા પરંતુ માર્ગમાં અનેક સી.સી.ટી.વી. ટોલટેક્ષ આવે છે તેમ છતાં આ લગતનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી, તપાસ કરનાર અધિકારી દ્વારા આંક-૨૪૩ થી આરોપી નં.૫ ના કોલ ડીટેઇલ્સનો રેકોર્ડ રજુ કરવામાં આવેલ છે પરંતુ તેના સમર્થનમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) મુજબનુ સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલુ નથી, આંક-૧૨૧ થી તપાસેલા સાહેદ ગાડી આરોપી નં.૫ ને આપેલાનુ જણાવે છે પરંતુ આક્ષેપિત બનાવ સબંધે કયા સમયે, કઇ તારીખે ગાડી આપેલી તે અંગેની કોઇ વિગતો રેકર્ડ ઉપર આવતી નથી તેમજ

આ સાહેદે ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે પોલીસે ફકત તેઓનુ નામ સરનામુ પુછેલુ અને તેઓ પાસેથી ફકત કાગળો લીધેલા, સાહેદ નં.૨૦ ની ઉલટ તપાસમાં આરોપી નં.૫ તર્ફે બચાવ મુકવામાં આવેલ છે કે કહેવાતી અટકની કામગીરી પહેલા આરોપી નં.૫ ક્રાઇમ બ્રાંચની કસ્ટડીમાં હતા જેથી તા. ૧–૭–૨૦૧૨ ના રોજની જે કાર્યવાહી સાહેદે જણાવેલ છે તે અંગે આ દિવસના કોઈ સી.ડી.આર. કે લોકેશન ફરિયાદપક્ષે જાણીબુજીને રજુ કરેલ નથી, સાહેદ નં. ૩૧ ની જુબાની ધ્યાને લેતાં તેઓનુ સમગ્ર કથન આરોપીની કબુલાત ઉપર આધારીત છે અને આ બાબતને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૫ નો બાધ નડે છે જેથી આ સમગ્ર વિગત પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં, ફરિયાદીની સાહેદી અને આંક–૨૦૮ વાળી ફરિયાદ જોતા કોઈ પણ આક્ષેપ આરોપીઓ સામે પ્રત્યક્ષ નથી અને તે સાંભળેલો પુરાવો છે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૦ મુજબ કોઈ પણ પુરાવો પ્રત્યક્ષ હોવો જોઇએ, સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબ લેવાયેલ નિવેદનનો ઉપયોગ ફકત અને ફકત કોરોબરેશન માટે હોય છે અને આ મુજબનુ નિવેદન કરનાર સાહેદ પોતાની સાહેદી દરમ્યાન કોઈ વિગત જણાવતા ન હોય ત્યારે માત્ર આ નિવેદન આંકે પડેલ હોવાથી તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં, ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ ની કલમ–૧૦૧ સાથે વાંચતા કલમ–૧૦૨ મુજબ સાબીતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર છે, આ કામમાં આરોપી નં.૫ દ્વારા બેદરકારી બતાવવામાં આવેલ હોય તેવુ કશુ જણાતુ નથી જેથી આરોપી નં.૫ ને ઇ.પી.કો. કલમ–૩૩૭ મુજબ દોષિત ઠરાવી શકાય નહીં, તમામ મૌખિક અને દસ્તાવેજી

પુરાવો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપીઓ સામેનુ તહોમતનામુ કાયદેસરના પુરાવાના અભાવે સાબિત કરવામાં સદંતર અને સંપૂર્ણ રીતે નિષ્ફળ ગયેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવા માટે વિનંતી કરી છે.

(૪) વધુમાં વિ.વ.શ્રી જી.એસ.સોલંકીએ આરોપી નં.૬ તર્ફે આંક-૩૨૮ થી લેખિત દલીલો રજુ કરી જણાવેલ છે કે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આક્ષેપિત કેસ શંકારહિત સાબિત કરવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર છે, આરોપીપક્ષે જે બચાવ રજુ કરવાનો હોય છે તે સંભવિતતાના સિધ્ધાંત ઉપર આધારીત હોય છે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૨૪, ૨૫ અને ૨૬ ની જોગવાઇઓ મુજબ પોલીસ સમક્ષની તથા પોલીસ કસ્ટડી દરમ્યાનની આરોપીની રજુઆત કબુલાત સ્વરૂપની અગર તો નાકબુલાત સ્વરૂપની હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાતી નથી, શંકા પુરાવાનુ સ્થાન લઇ શકે નહીં, તબીબી પુરાવો ધ્યાને લેતાં ગુજરનાર બાળકનુ મૃત્યુ ઇલેક્ટ્રીક શોક અગર તો કરંટ લાગવાના કારણસર થયેલ છે તેવુ રેકર્ડ ઉપર પુરાવા સ્વરૂપે આવતુ નથી, રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાને લેતાં આરોપી નં.૬ આયોજીત મેળામાં ભાગીદાર હતા તેવો કોઇ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી, આરોપી નં.૬ નાએ મેળાના આયોજન માટે સક્ષમ અધિકારી સમક્ષ પરવાનો મેળવવા માટે અરજી કરેલ હોવાનુ સાહેદ નં.૧૬ ની જુબાનીમાં આંક-૧૧૭ થી દર્શાવેલ દસ્તાવેજો ઉપરથી ફલિત થાય છે, આક્ષેપિત બનાવ સમયે આરોપી નં.૬ બનાવ સ્થળે હાજર હતા તેવો ફરિયાદપક્ષનો કોઇ કેસ કે આક્ષેપ નથી તેમજ આ બાબતે કોઇ પુરાવો રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ નથી, ગુજરનારનુ શબ જે વેગનઆર ગાડીમાં લઇ

જવામાં આવેલ તે વખતે ગાડીમાં આરોપી નં.૬ હાજર હતા તે બાબતે કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી, આક્ષેપ મુજબ ગુજનારનુ શબ વેગરનાર ગાડીમાં લઇ ગયેલા પરંતુ માર્ગમાં અનેક સી.સી.ટી.વી. ટોલટેક્ષ આવે છે તેમ છતાં આ લગતનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી, તપાસ કરનાર અધિકારી દ્વારા આંક–૨૪૩ થી આરોપી નં.૬ ની કોલ ડીટેઇલ્સનો રેકોર્ડ રજુ કરવામાં આવેલ છે પરંતુ તેના સમર્થનમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનુ સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ નથી, આંક–૧૨૧ થી તપાસેલા સાહેદ ગાડી આરોપી નં.૬ ને આપેલાનુ જણાવે છે પરંતુ આક્ષેપિત બનાવ સબંધે કયા સમયે, કઇ તારીખે ગાડી આપેલી તે અંગેની કોઇ વિગતો રેકર્ડ ઉપર આવતી નથી તેમજ આ સાહેદે ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે પોલીસે ફકત તેઓનુ નામ સરનામુ પુછેલુ અને તેઓ પાસેથી ફકત કાગળો લીધેલા, સાહેદ નં.૨૦ ની ઉલટ તપાસમાં આરોપી નં.૬ તર્ફે બચાવ મુકવામાં આવેલ છે કે કહેવાતી અટકની કામગીરી પહેલા આરોપી નં.૬ ક્રાઇમ બ્રાંચની કસ્ટડીમાં હતા જેથી તા. ૧–૭–૨૦૧૨ ના રોજની જે કાર્યવાહી જણાવેલ છે તે અંગે આ દિવસના કોઇ સી.ડી.આર. કે લોકેશન ફરિયાદપક્ષે જાણીબુજીને રજુ કરેલ નથી, સાહેદ નં.૩૧ ની જુબાની ધ્યાને લેતાં તેઓનુ સમગ્ર કથન આરોપીની કબુલાત ઉપર આધારીત છે અને આ બાબતને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૫ નો બાધ નડે છે જેથી આ સમગ્ર વિગત પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં, ફરિયાદીની સાહેદી અને આંક–૨૦૮ વાળી ફરિયાદ જોતા કોઇ પણ આક્ષેપ આરોપીઓ સામે પ્રત્યક્ષ નથી અને તે સાંભળેલો પુરાવો છે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૦

મુજબ કોઇ પણ પુરાવો પ્રત્યક્ષ હોવો જોઇએ, સી.આર.પી.સી.કલમ-૧૬૪ મુજબ લેવાયેલ નિવેદનનો ઉપયોગ ફકત અને ફકત કોરોબરેશન માટે હોય છે અને આ મુજબનુ નિવેદન કરનાર સાહેદ પોતાની સાહેદી દરમ્યાન કોઇ વિગત જણાવતા ન હોય ત્યારે માત્ર આ નિવેદન આંકે પડેલ હોવાથી તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં, ભારતીય પુરાવા અધિનિયમ-૧૮૭૨ ની કલમ-૧૦૧ સાથે વાંચતા કલમ-૧૦૨ મુજબ સાબીતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર છે, રજુ થયેલો તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપીઓ સામેનુ તહોમતનામુ કાયદેસરના પુરાવાના અભાવે સાબિત કરવામાં સદંતર અને સંપૂર્ણ રીતે નિષ્ફળ ગયેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવા વિનંતી કરી છે.

(૫) વધુમાં સેશન્સ કેસ નં.૧૩૪/૨૦૧૫ ના કામે વિ.વ.શ્રી પી.એચ.ગૌરે આરોપી નં.૧ તર્ફે આંક-૩૨૯ થી લેખિત દલીલો રજુ કરી જણાવેલ છે કે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આક્ષેપિત કેસ શંકારહિત સાબિત કરવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર છે, આરોપીપક્ષે જે બચાવ રજુ કરવાનો હોય છે તે સંભવિતતાના સિધ્ધાંત ઉપર આધારીત હોય છે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૨૪, ૨૫ અને ૨૬ ની જોગવાઇઓ મુજબ પોલીસ સમક્ષની તથા પોલીસ કસ્ટડી દરમ્યાનની આરોપીની રજુઆત કબુલાત સ્વરૂપની અગર તો નાકબુલાત સ્વરૂપની હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાતી નથી, શંકા પુરાવાનુ સ્થાન લઇ શકે નહીં, તબીબી પુરાવો ધ્યાને લેતાં ગુજરનાર બાળકનુ મૃત્યુ ઇલેક્ટ્રીક શોક અગર તો કરંટ લાગવાના કારણસર થયેલ છે તેવુ

રેકર્ડ ઉપર પુરાવા સ્વરૂપે આવતુ નથી, આરોપી શૈલેષ ઈન્દુલાલ શાહ મેળાના કોઈ આયોજક કયારેય પણ ન હતા અને તેઓએ મેળાના સંચાલન સબબ અને તે સબંધની કોઈ જ કાર્યવાહી કયારેય પણ કરવાની રહેતી ન હતી, તેઓએ મેળાના આયોજનમાં મેળાના આયોજકોએ જે ઈલેકટ્રીક વપરાશ સબંધે જે પરવાનો મેળવેલ તે અનુસંધાનેની કામગીરી કરેલી, આંક–૩૩ થી રજુ થયેલ પોષ્ટ મોર્ટમ નોટ અન્વયે તા.૨૧–૯–૨૦૧૨ ના રોજનો આખરી તબીબી અભિપ્રાય તથા આંક– ૨૪૦ થી એફ.એસ.એલ.નો અભિપ્રાય પુરાવા સ્વરૂપે રજુ થયેલ છે તેની હકીકત ધ્યાને લેતાં ઈલેકટ્રીસીટી લગત કબજે લેવાયેલ અને રવાનગી નોંધ મારફતે મોકલાયેલ મુદ્દામાલની વૈજ્ઞાનીક ચકાસણી અને પરીક્ષણ કરતા શોર્ટ સરકીટના કોઈ ચીહનો જોવા મળેલ ન હતા, આંક–૧૧૬ થી તપાસેલા સાહેદ અલ્પાબેન શ્રેયાંશકુમાર દાણીએ ઉલટ તપાસના પેરા નં.૧૦ પાન નં.૪ માં જણાવેલ છે કે શોર્ટ સરકીટ થયેલ નથી તે ધ્યાને લેતાં હાલના આરોપી સામેનુ તહોમત નાસાબીત રહેલ છે, હાલના આરોપીની કામગીરીમાં કોઈ બેદરકારી અગર તો નિષ્કાળજી અંગેના કોઈ પુરાવા ફરિયાદપક્ષ દ્વારા સીધી કે સાંયોગીક રીતે રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ નથી, આક્ષેપિત કેસમાં આરોપી શૈલેષ ઈન્દુલાલ શાહ અન્ય આરોપીઓ સાથે ગુનાહીત કાવતરાના ભાગરૂપે કોઈ સંપર્કમાં હોય અગર તો તે મુજબની કોઈ જાણકારી ધરાવતા હોય અને તેઓએ ગુનામાં કોઈ ભાગ ભજવેલ હોય તેવો કોઈ જ પુરાવો સીધી કે આડકતરી રીતે રેકર્ડ ઉપર આવતો નથી, ફરિયાદપક્ષ દ્વારા ચાર્જશીટમાં દર્શાવેલ સાહેદ નરેશ દલાભાઈ પરમારને તપાસેલા નથી અને આ બાબતે કોઈ ખુલાસો શુધ્ધા પણ રજુ

કરવામાં આવેલ નથી, આંક–૧૧૭ થી રજુ થયેલા દસ્તાવેજોની વિગત ધ્યાને લેતાં નરેશભાઇ દલાભાઇ પરમાર સ્થળ ઉપર સુપરવાઇઝર/વાયરમેન તરીકે હાજર રહેવાના છે તેવી વિગત જણાવેલી છે જેથી નરેશભાઇ દલાભાઇ પરમાર સ્થળ ઉપર ઉકત કામગીરી માટે હાજર રહેલ નથી તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર પ્રસ્તુત થયેલ નથી, આંક–૫૩ અને આંક–૫૫ થી રજુ થયેલ પંચનામાઓ જોતા કોઇ ઇલેકટ્રીક કરંટ કે શોર્ટ સરકીટ જેવો બનાવ બનવા પામેલ હોય તેવુ જણાઇ આવતુ નથી, આરોપીએ આપેલ બાંહેધરી મુજબ વર્તન કરેલ નહીં હોવાનો પણ કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી, ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ ની કલમ–૧૦૧ સાથે વાંચતા કલમ–૧૦૨ મુજબ સાબીતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલ છે, આ કેસમાં રજુ થયેલો તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપીઓ સામેના તહોમતનામામાં જણાવેલ હકીકત કાયદેસરના પુરાવાના અભાવે સાબિત કરવામાં સદંતર અને સંપૂર્ણ રીતે નિષ્ફળ ગયેલ હોવાથી આરોપીઓને ઉકત ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા વિનંતી કરેલી છે.

**(૧૩)** આ કામે ફરિયાદપક્ષ તર્ફે રજુ થયેલા પુરાવાની ચર્ચા કરતા પહેલા આ કામે ફરિયાદીની ફરિયાદ ધ્યાને લેવી ખુબ જરૂરી છે. ફરિયાદી ફરિયાદી સાથેના પો.સ.ઇ. કે.જી.ચૌધરી તથા સ્ટાફના માણસો સાથે નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુમ થયેલ બાળકોની તપાસમાં હતા ત્યારે મહે. પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર તરફથી ફરિયાદીને નરોડા પોલીસ સ્ટેશન જાણવા જોગએન્ટ્રી નં.૧૬૪/૨૦૧૨, તા.૨૫–૬–૨૦૧૨ ની તપાસ સંભાળી લેવા

સુચના મળતા તપાસ સંભાળેલી, નરોડા ખાતેના ઓમ ફનફેર નામના આનંદમેળા ખાતે એક બાળક નામે મયુર સન ઓફ બાલાજી દેસળજી ઠાકોર, ઉ.વ.૯ રહે.ચામુંડાનગરની ચાલી, એસ.એન. ડેકોરેટર્સના સામે, નરોડા, અમદાવાદનો પોતાના ઘરની બાજુમાં આવેલ આનંદમેળામાં જવા માટે તા. ૨૪–૬–૨૦૧૨ ના રોજ રાત્રીના કલાક ૨૦–૩૦ વાગ્યે પોતાની મમ્મી પાસેથી રૂા.૧૦/– લઈને નિકળેલ બાદમાં પરત ઘરે પહોંચેલ નહીં જેની તપાસ દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે નરોડા આનંદમેળા ખાતે કામ કરતા કલુવા અબ્દુલ અજીજ બાગવાન નામનો માણસ ઉપરોકત ગુમ થયેલ મયુર બાબતે કંઈક હકીકત જાણે છે જે આધારે નરોડા ખાતેના ઓમ ફનફેર જાયન્ટવીલ જુલો (ચગડોળ) ચલાવવાનુ કામ કરતા કલુવા અબ્દુલઅજીજ બાગવાનને વિશ્વાસમાં લઈ ગુમ થયેલ બાળક મયુર બાબતે પુછપરછ કરતાં તેણે જણાવ્યા મુજબ પોતે તા.૧૪–૬–૨૦૧૨ થી આ આનંદમેળામાં કામ કરતો હોવાનુ તેમજ આ ઓમ ફનફેરના આયોજક કૃણાલભાઈ રમેશભાઈ ભટ્ટ તથા મિશ્રાજી નામનો માણસ છે, મેળાની અંદર મોતના કુવાના શો વાળી જગ્યા આવેલ છે તેના માલીક સૌકત નામનો માણસ છે જેમાં રાજુ રામનાથજી મેણા મોતના કુવામાં મોટર સાયકલ ચલાવે છે અને તેની મદદમાં અલ્તાફહુસેન રશીદએહમદ અન્સારી, સત્તારખાન અબ્દુલહકીમખાન, પ્રકાશ અંકુશ સિંદેનાઓ મોતના કુવાના ખેલ વાળી જગ્યાએ હાજર હોય છે, તા. ૨૪–૬–૨૦૧૨ ના રોજ આનંદમેળામાં જાયન્ટવીલ (ચગડોળ) ઉપર હાજર હતા દરમ્યાન રાતના પોણા નવેક વાગ્યાના અરસામાં આનંદમેળાના આયોજક કુણાલ ભટ્ટ, કલુવા અબ્દુલ અજીજ બાગવાન પાસે

આવેલા અને જણાવેલ કે મોતના કુવા પાસે એક બાળકને ઈલેકટ્રીક કરંટ લાગે છે અને તરફડીયા મારે છે જેથી મોતના કુવાના પાછળના ભાગે જતા સૌકતના તંબુમાં ખાટલા ઉપર એક નાના છોકરાને સુવડાવેલ હતો અને તે તરફડીયા મારતો હતો તેની આજુબાજુ સૌકત તથા અલ્તાફહુસેન અંસારી, સત્તારખાન, પ્રકાશ સિંદે ઉભેલ હતા, તેઓ તમામ ચર્ચા કરતા હતા કે આ બાળકને ઈલેકટ્રીક કરંટ લાગેલ છે અને તે વધુ સમય જીવે તેવુ લાગતુ નથી, આ છોકરાના સગા સબંધીને તેઓ તમામ જાણતા નથી જેથી આ છોકરાને કયાંક બહાર લઈ જઈને ફેંકી દઈએ તો આ વાતની કોઈને ગંધ આવશે નહીં તે પછી કૃણાલ ભટ્ટ તથા સૌકત બંને જણા આ છોકરાને ઉપાડી તંબુના પાછળના ભાગે લઈ ગયેલ જયાં કૃણાલની પેશન મોટર સાયકલ ઉપર સૌકત તથા કૃણાલ બંને જણા છોકરાને લઈને ત્યાંથી નિકળી ગયેલા, પછી બીજા દિવસે સવારે કૃણાલ ભટ્ટ તથા સૌકત બંને મળેલા તેઓએ જણાવેલ કે રસ્તામાં તેઓએ મિશ્રાજીને ફોન કરી જાણ કરતા મિશ્રાજી તેમના ડ્રાઈવર લાલા નામના માણસ સાથે વેગનઆર કાર લઈને આવેલા અને અડાલજ પાસેથી આ છોકરાને મિશ્રાજીની વેગનઆર કારમાં સૌકત તથા મિશ્રાજીનો ડ્રાઈવર લાલો બંને જણા લઈ ગયેલા અને તે છોકરાને પાલનપુર પાસે આવેલ એક પુલ પાસે જઈને ફેંકી આવેલ છે તે પછી સૌકત અને કૃણાલ ભટ્ટે આ બાબત કોઈને નહીં જણાવવા અને કોઈને જાણ કરીશ તો આ કેસમાં એકલાને ફસાવી દેશે તેવી ધમકી આપેલી, આ મતલબની હકીકત કલુવા અબ્દુલઅજીજ બાગવાને ફરિયાદી રૂબરૂ જણાવતા અને ફરિયાદીએ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતા એક અજાણ્યા બાળકની લાશ મળી

આવેલ જે લાશ ઉપરના કપડા તથા વર્ણન મુજબ ઉપરોકત ગુમ થનાર મયુર નામના છોકરાનીજ લાશ હોવાનુ જણાઈ આવેલ જેથી ઉપરોકત તમામ સામે ફરિયાદીની ઈ.પી.કો. કલમ–૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબ કાયદેસર તપાસ થવા ફરિયાદ છે.

**(૧૧)** (૧) ફરિયાદપક્ષ દ્વારા પોતાનો કેસ પુરવાર કરવા માટે સૌપ્રથમ ડો.ધર્મેશ અમૃતસિંહ સીલાજીયાને આંક–૩૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની જુબાની મુજબ તેઓ ગાંધીનગર ફોરેન્સીક મેડીસીન વિભાગમાં પ્રાધ્યાપક અને વડા તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૩૦–૬–૨૦૧૨ ના રોજ સવારે સાડા છ વાગ્યે પી.આઈ.શ્રી પી.જી.વાઘેલા, ક્રાઈમ બ્રાંચ, અમદાવાદનાઓ અમદાવાદ શહેરના બાળક મયુર બાલાજી ઠાકોર. ઉ.વ.૯ ના શબનુ પેનલ ડોકટર દ્વારા પી.એમ.કરવા વિનંતીપત્ર લખેલો જેની સાથે રીઈન્કવેસ્ટ પંચનામાની નકલ તથા મરણોત્તર ફોર્મ મોકલી આપેલુ, મેડીકલ ઓફીસર પાલનપુર ફોરેન્સીક મેડીસીન વિભાગનો પત્ર પણ સામેલ હતો, પ્રથમ પી.એમ.નોટ ધ્યાને લેતા ડો. એન.જી.પટેલ, ડો.એચ.એન.ગઢવી દ્વારા જનરલ હોસ્પિટલ, પાલનપુર ખાતે તા.૨૮–૬–૨૦૧૨ ના રોજ સાંજે ૭–૨૦ વાગ્યે પી.એમ. થયેલુ હતુ ત્યારબાદ તે શબને અમદાવાદ ખાતે લાવવામાં આવેલુ, શબ પરીક્ષણ દરમ્યાન જોયેલુ કે આ શબ ૯ વર્ષના બાળકનુ હતુ, શબ સડવાની પ્રક્રિયા આગળના તબક્કામાં હતી, શબ નગ્ન અવસ્થામાં હતુ, છાતી અને પેટ ઉપર પ્રથમ શબ પરીક્ષણ વખતે લીધેલા ટાંકા હતા વિગેરે આ સાહેદે શબ પરીક્ષણ અંગે શબ ઉપર જે કાંઈ હકીકતો હતી તે પોતાની જુબાનીમાં જણાવી છે,

શબનુ બાહ્ય અને આંતરિક પરીક્ષણ આ સાહેદે શબ પરીક્ષણ દરમ્યાન કરેલુ છે, શબ પરીક્ષણ દરમ્યાન શબ ઉપરની આંગળીના નખ કાપેલા, સ્વોબ લીધેલા, બંને હથેળી, પગના તળીયાની ચામડી, હૃદય, મહાધમનીનો ટુકડો, યકૃતનો ટુકડો વિગેરે નમુના લઇ પી.આઇ.શ્રી પી.જી.વાઘેલાને સોંપેલા, શબ પરીક્ષણની વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી સુરસિંહ અમ.પરમાર બકલ નં.૧૯૮ દ્વારા કરવામાં આવેલી તેની કેસેટ બનાવી પી.આઇ.શ્રી પી.જી.વાઘેલાને સોંપેલી, મૃત્યુનુ સંભવિત કારણ શબ પરીક્ષણ બાદ એફ.એસ.એલ.ના હીસ્ટોપેથોલોજીકલ રીપોર્ટ આવે ત્યાં સુધી મુલત્વી રાખેલુ, મૃત્યુનો અંતિમ અભિપ્રાય તા.૨૧–૯–૨૦૧૨ ના રોજ આવેલો જે મુજબ મૃત્યુના કારણ વિશે કોઇ અભિપ્રાય આપી શકાય તેમ નથી, સાંયોગિક પુરાવો ધ્યાને લઇ શકાય તેમ જણાવે છે, કોહવાટના લીધે શરીર ઉપર કીડા પડી જવાના કારણે સ્પષ્ટ અભિપ્રાય આપી શકાય તેમ ન હતો, શબ પરીક્ષણ નોટ ડો.સાદીક મોમીનના હસ્તાક્ષરમાં લખવામાં આવેલી તેના હસ્તાક્ષર સાહેદ ઓળખી બતાવે છે. પી.એમ. નોટના અંતમાં આ સાહેદે પોતાના તથા ડો.જગદીપ જાદવ, ડો.ખુબચંદાની, ડો.સાદીક મોમીન તેમજ ડો.દીપક વોરાના હસ્તાક્ષર ઓળખી બતાવેલા છે, આંક–૩૪ થી પોલીસ યાદી રજુ કરેલી છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો શબનુ પહેલુ શબ પરીક્ષણ પાલનપુર જનરલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલાનુ કબુલ કરે છે, જયારે શબને તપાસેલુ ત્યારે લગભગ સડી ગયેલુ અને દુર્ગંધ મારતુ હતુ તે કબુલ કરે છે, શબ ઉપરની ઇજા નં.૧ થી ૩ સામાન્ય પ્રકારની છે તે કબુલ કરે છે, ૨, ૩ બાળકો ભેગા રમતા હોય તેમની વચ્ચે ઝઘડો થાય તેના કારણે બાળક પડી જાય

તો ઈજા નં.૧ થી ૩ જેવી ઈજા થઇ શકે તેમ જણાવે છે, ચામડી સડી જવાના કારણે ઈલેકટ્રીક શોટ કયા ભાગ ઉપર લાગેલો તે નક્કી કરી શકાય તેમ ન હતુ તો તે હકીકત નકારે છે, ઈલેકટ્રીક કરન્ટના નિશાન સામાન્ય રીતે ચામડી ઉપર જોવા મળતા હોય છે તેમ જણાવે છે, ચામડી સડી ગયેલી હતી જેથી તેવી કોઇ ઈજા જોઈ શકાયેલી નહીં હોવાનુ જણાવે છે.

(૨) ત્યારબાદ હેમતાજી તરસંગજી ઠાકોરને આંક-૩૭ થી અને ઈરફાન અબ્દુલહમીક સીન્ધીને આંક-૩૯ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદ પક્ષના કેસ પ્રમાણે આ બંને પંચ સાહેદો છે તેમની હાજરીમાં પોલીસે ચિત્રાસણ ગામની સીમમાં આબુ રોડથી પાલનપુર જતા હાઈવે ઉપર નાળા નં.૬૦૯ ખાતે પોલીસે બોલાવેલા ત્યાં જે જગ્યાએ લાશ પડેલી હતી તે જગ્યા ઉપરથી ભેજ વાળી માટી, કન્ટ્રોલ માટી જુદી એક થેલીમાં પેક કરીને કબજે કરેલી જે અંગેનુ પંચનામુ આંક-૩૮ થી રજુ કરેલુ છે. આ બંને પંચ સાહેદોએ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન કરેલુ નથી જેથી આ બંને પંચ સાહેદોને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી તેઓની ઉલટ તપાસ કરેલી છે પરંતુ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન કરેલુ નથી.

(૩) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક-૪૩ થી સજ્જનસિંહ જટુભા જાડેજાને તપાસેલા છે આ સાહેદ તા.૩૦-૬-૨૦૧૨ ના રોજ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે હાજર થયેલા, પોલીસે તેમને બોલાવેલા તથા તેમની સાથે તેમના મિત્ર રમેશભાઇ હતા, પોલીસ તેમને પી.એમ.રૂમમાં લાશ જોવા લઈ

ગયેલા અને લાશ બતાવેલી તે લાશ નવ વર્ષના છોકરાની હતી, લાશ પ્લાસ્ટીકની બેગમાં હતી તે કાઢી બતાવેલી, લાશ વિકૃત થઇ ગયેલી હતી, અંદર જીવડા હતા, આ અંગે પંચનામુ બનાવેલુ જે આંક-૪૪ થી રજુ છે, આ સાહેદ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો લાશ ઉપર ઓળખના કોઇ ચિહનો ન હતા તે કબુલ કરે છે, આ લાશ મયુરની હતી તેવી ખબર પડેલી ત્યાં કોઇ કપડા જોયેલા નહીં, જે જગ્યાએથી લાશ મળેલી તેના ફોટા જોયેલા, લાશ આખી ચીરેલી હતી, મયુર જે વિસ્તારનો હતો તે વિસ્તારમાં આ સાહેદ રહેતા હોવાથી મયુરની લાશ ઓળખી બતાવેલાની હકીકત નકારી છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે આક-૪૫ થી જયંતિભાઇ ડાહ્યાભાઇ રાઠોડને અને આંક-૪૭ થી ઇશ્વરભાઇ ધુળાભાઇ સોલંકીને તપાસવામાં આવેલા છે. ફરિયાદપક્ષના કેસ પ્રમાણે આ બંને સાહેદોની હાજરીમાં પોલીસે પાલનપુર ખાતે એક અજાણી લાશ કે જે એક છોકરાની હતી તેનુ ઇન્કવેસ્ટ પંચનામુ કરેલુ પરંતુ આ બંને પંચ સાહેદોના કહેવા પ્રમાણે પોલીસે તેઓની એક કાગળ ઉપર સહીઓ લીધેલી તે સિવાય બીજુ કાંઇ જાણતા નથી. આ બંને સાહેદોને ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે અને અદાલતની પરવાનગીથી ઉલટ તપાસ કરેલી છે તેમ છતાં ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન કરેલુ નથી.

(૫)ત્યારબાદ આ કામે આંક-૫૨ થી અજયભાઇ પ્રવિણભાઇ પટેલને તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૩૦-૬-૨૦૧૨

ના રોજ આ સાહેદ તેમના મિત્ર દિપક સાથે નરોડા ગામ પાસેના આનંદ મેળા પાસેથી નિકળતા હતા ત્યારે પોલીસે ઉભા રાખેલા અને અહીંયા બનાવ બનેલ છે તમારે પંચમાં રહેવુ છે તેમ જણાવતા ખુશી બતાવેલી. ત્યારબાદ ક્રાઇમ પોલીસના માણસ આનંદ મેળાની અંદરના ભાગે લઇ ગયેલા ત્યારે વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી વાળા માણસો વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરતા હતા. ત્યારબાદ બધી રાઇડો, જાદુગરની જગ્યા, ફુગ્ગા ફોડવાની જગ્યા, ચગડોળ બતાવેલા, છેલ્લે મોતના કુવા સુધી પોલીસ લઇ ગયેલી ત્યાં ઇલેકટ્રીકના ખુલ્લા વાયરો પડેલા હતા તે બતાવેલા, મોતનો ગોળો એટલે કે કુવાના ઉપરના ભાગે લઇ ગયેલા ત્યાં પણ ઉપરના ભાગે વાયરો ખુલ્લા હતા તે બતાવેલા, અંદરના ભાગે બાઇક તથા પથરાઓ તથા એક ગાડી પડેલી હતી, પોલીસવાળા પંચનામુ લખતા હતા ત્યારબાદ પંચનામુ વાંચી સંભળાવી પંચનામામાં સહી લીધેલી જે પંચનામુ આંક–૫૩ થી રજુ છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો પોલીસ વાળાએ બોલાવેલા તે સાદા ડ્રેસમાં હતા, વાઘેલા સાહેબ હાજર હતા, જે જગ્યાએ કામગીરી કરતા હતા તે જગ્યા ઉપર બનાવ ૪,૫ દિવસ પહેલા બનેલો ત્યાં એક નાના બાળકનુ અવસાન થયેલાનુ જાણેલુ. વધુમાં ઉલટ તપાસ ધ્યાને લઇએ તો ત્યાં કાર્યવાહીમાં ૨,૩ કલાક લાગેલા હશે, વાઘેલા સાહેબ સ્થળ ઉપર ફરતા હતા અને રાઇટર લખતા હતા, વિડીયોગ્રાફી થયેલી તે કયારેય જોયેલી નહીં, આ કામગીરીમાં હાજર રહેલા નહીં તો તે હકીકત નકારી છે, ખુલ્લા વાયરો પડેલા ન હતા તો તે હકીકત નકારી છે, વાઘેલા સાહેબના કહેવાથી પંચનામામાં સહી

કરેલાની હકીકત નકારી છે. વધુમાં આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો આનંદમેળામાં મોતનો કુવો જોવો હોય તો ટીકીટ લેવી પડે તેમ કબુલ કરે છે, પંચનામુ કરવા ગયા ત્યારે વાયરનુ બંડલ હતુ, વાયરો જમીન ઉપર પડેલા તેવો પંચનામામાં ઉલ્લેખ નથી તે કબુલ કરે છે, મોતના કુવા ઉપર લાઇટો બંધ હતી, વિડીયોગ્રાફી પોલીસે કીધી તે પ્રમાણે કરેલાનુ કબુલ કરે છે, કયા વાયરથી શોટ લાગેલો તે જોયેલુ નહીં, જમીન ઉપર ખુલ્લા વાયરો પડેલાની હકીકત ખોટી જણાવે છે તો તે હકીકત નકારી છે.

(૬) ત્યારબાદ આ કામે આંક–૫૪ થી રાકેશ ગોરધનભાઇ ગજ્જરને તપાસવામાં આવેલા છે. આ સાહેદની સરતપાસ મુજબ ૨૦૧૨ ની ૨૯ મી તારીખે બપોરના બે, અઢી વાગે બનાવવાળી જગ્યાની સામેથી આ સાહેદ ટ્રાવેલ્સની ઓફીસે જતા હતા ત્યારે પોલીસે તેમના મિત્ર સમીર સાથે પંચમાં રહેવા બોલાવેલા, પોલીસ તેમને આનંદ મેળાના મોતના કુવા પાસે લઇ ગયેલી ત્યાં ઇલેકટ્રીક બોર્ડ હતુ અને વાયરોનુ બંડલ, ટયુબ લાઇટ, સ્ટાટર બતાવેલા ત્યાં એક અબ્દુલ નામનો માણસ હતો, વિડીયો શુટીંગ અને એફ.એસ.એલ. વાળા તેમજ વાયરમેન પણ સાથે હતા, બે વાયરના બંડલ તથા મોતના કુવા વાળી જગ્યા અને ખુલ્લા વાયરો ત્યાં બતાવેલા, મોતના કુવાની અંદરનો ભાગ પણ બતાવેલો, બાકી બીજુ શું બતાવેલુ તે યાદ નથી, આ મુદ્દામાલ આ સાહેદની સામે તપાસઅર્થે કબજે કરેલો અને સહી વાળી ચબરખી બનાવેલી, પંચનામુ આંક–૫૫ થી રજુ છે, આ સાહેદ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે, મુદ્દામાલ લાકડાની પટ્ટી, ઇલેકટ્રીકના છુટા વાયરો જે પંચનામાની વિગતે કબજે

કરેલ હતા તેની ઉપર પંચોની સહી વાળી સ્લીપો લગાવેલી જે સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ તમામ મુદ્દામાલ આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો છે.

હવે આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો આ સાહેદ ગાડી લે–વેચનો ધંધો કરતા હતા, ગાડીઓ રોડ ઉપર પાર્ક કરવી પડે જેથી ટ્રાફીકને અડચણ પડતી હોવાથી પોલીસના અહેસાન નીચે રહેવુ પડતુ હોય છે તો તે હકીકત નકારી છે, જરૂર પડે પોલીસના માણસોને મફત ગાડીમાં બેસાડવા પડે છે તો તે હકીકત નકારી છે, મોતના કુવામાં જે ટયુબ લાઇટ લાગેલી તે તમામ ટયુબો ચોક તથા સ્ટાટાર સાથે ફીટ કરેલી હતી તો તે હકીકત નકારી છે, કામગીરી કરવા ગયા ત્યારે એક પી.એસ.આઇ. બે રાઇટર હતા, પી.એસ.આઇ. તેમની સાથે પ્લાસ્ટીકની થેલી, પ્લાસ્ટીકના ડબ્બા, ડબ્બી, થેલીઓ તેમજ સિલ કરવાના સાધનો સાથે લઇને આવેલા નહીં, પંચનામુ લખાઇ ગયા બાદ તમામ વસ્તુઓ એક માણસ લઇને આવેલા, પોલીસના માણસ સિલ કરવાના સાધનો લઇને આવ્યા ત્યારે પંચનામાની કાર્યવાહી પુરી થયેલી નહીં પરંતુ ચાલુ હતી તેમ જણાવે છે, પોલીસે અંદાજે કુલ સાત,આંઠ કાગળ ઉપર સહીઓ લીધેલી, તમામ સહીઓ એકસાથે કરેલાની હકીકત નકારી છે, આ સાહેદની હાજરીમાં પંચનામુ થયેલુ નહીં તો તે હકીકત નકારી છે. વધુમાં સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો સરતપાસમાં જે હકીકત જણાવી તે સિવાયની બીજી કોઇ કાર્યવાહી ત્યાં થયેલી નહીં તો તે હકીકત નકારી છે, પંચનામુ થયા બાદ મોતના કુવાના વાયરો કાપેલા અને બે વાયરોના બંડલ એક બોક્ષમાં મુકી કાપડ વીંટી સિલ કરેલ

ત્યારબાદ આ સાહેદ નિકળી ગયેલાનુ જણાવે છે, ટયુબ લાઈટ કબજે કરેલી નહીં તે હકીકત કબુલ કરે છે, મોતના કુવાની ઉપરની સાઈડે રેલીંગ લગાવેલી જેથી કરીને કોઈ ઉપર જોવા ચડેલો માણસ નીચે પડી ન જાય તેમ જણાવે છે, મોતના કુવાની ઉપરના ભાગે જે ટયુબલાઈટો લગાડેલી તેના વાયરો રેલીંગના ઉપરના ભાગે હતા તે કબુલ કરે છે.

(૭)ત્યારબાદ આ કામે આંક–૬૯ થી ચૌહાણ ભરતસિંહ છત્રસિંહને તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ પોતે રીક્ષા લઈને નરોડાથી આવતા હતા ત્યારે અમદાવાદ શહેરની ક્રાઈમ બ્રાંચના પોલીસે બોલાવેલા, પંચમાં રહેવાની સમજ આપેલી જેથી પંચમાં રહેવાની સંમતિ આપેલી, બીજા પંચ કોણ હતા તેનુ નામ ખબર નથી ત્યારબાદ સિવલિ હોસ્પિટલ લઈ ગયેલા ત્યાં મયુર નામના છોકરાનુ પી.એમ. કરેલુ હતુ અને પી.એમ. કર્યા બાદ પોલીસને એક ખાખી કલરનુ કવર સિલ કરેલુ આપેલુ જેમાં પ્લાસ્ટીકનુ નાનુ કંપાસ બોક્ષ, પ્લાસ્ટીકનુ કોટન, એક કાળો દોરો થેલીમાં મુકી એક બોક્ષ કે જેની ઉપર મયુર બાલાજી ઠાકોર વિગેરે લખેલ હતુ તે બતાવેલુ, આ તમામ મુદ્દામાલ પોલીસે તપાસ અર્થે કબજે કરેલો, આ તમામ મુદ્દામાલ આ સાહેદ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. મુદ્દામાલ કબજે કર્યા પછી પંચોની સહીઓ વાળી સ્લીપો લગાવેલી તે તમામ પંચ સ્લીપો આંક–૭૦ થી રજુ કરેલી છે, આ મુદ્દામાલ કબજે કર્યાનુ જે પંચનામુ બનાવેલુ તે આંક–૭૧ થી રજુ કરેલુ છે. આ પંચનામાની વિગતે કુલ્લે છ મુદ્દામાલ આર્ટીકલો પોલીસે આ સાહેદની રૂબરૂમાં કબજે કરેલા છે. પોલીસ જગ્યા જોવા માટે પણ લઈ ગયેલી, જગ્યા જોઈ

પાછા આવેલા જે અંગેનુ પંચનામુ બનાવેલુ તે આંક-૭૨ થી રજુ છે, આ પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો આ સાહેદના પિતા પોલીસમાં નોકરી કરતા હોય અગાઉ સાહેદ પોલીસ લાઇનમાં રહેતા હોય ઘણા પોલીસના માણસો સાથે અંગત સબંધ છે તે કબુલ કરે છે, જરૂર પડે ત્યારે બોલાવતા હોવાની હકીકત કબુલ કરે છે, આ બે પંચનામા સિવાય બીજા કોઈ પંચમાં ગયેલા નથી, ક્રાઇમ બ્રાંચ ખાતેના પોલીસ અમલદારો જયારે, જયારે જરૂર પડે ત્યારે ફોન કરીને પોલીસ સ્ટેશને બોલાવતા હતા તે હકીકત કબુલ કરે છે, સૌપ્રથમ પોલીસે નરોડાથી આવતા રોકેલા અને ફોન નંબર માંગતા આપેલો તે કબુલ કરે છે, સિવિલ હોસ્પિટલમાં કામગીરી પુરી કરીને ક્રાઇમ બ્રાંચની ઓફીસે ગયા ત્યારે વાઘેલા સાહેબને જોયેલાનુ જણાવે છે, પ્લાસ્ટીકના દોરાવાળો ડબ્બો તથા કવર વિગેરે સિલ કરવાની કામગીરી અંદર થઈ હતી તે કબુલ કરે છે, આ સાહેદ બહાર ઉભેલા હતા જેથી જાણકારી નથી તેમ જણાવે છે, પંચનામામાં આ સાહેદનુ નામ પંચ નં.૨ તરીકે છે જેમાં પાછળથી પંચ નં.૧ એ સહી કરેલાનુ જણાવે છે, પંચ નં.૨ તરીકે નામ લખેલુ હોવા છતાં પંચનામા વિશે કાંઈ જાણતા ન હોવા છતાં પોલીસના કહેવાથી પંચ નં.૧ માં સહી કરી દીધેલાની હકીકત કબુલ કરે છે, ત્રીજા પંચનામા વિશે પંચનામામાં કોઈ ઉલ્લેખ કરેલ નથી તે કબુલ કરે છે, સિવિલ હોસ્પિટલથી ક્રાઇમ બ્રાંચ આવવુ હોય તો ચાલીસ મિનિટ લાગે તેમ જણાવે છે, પહેલુ પંચનામુ નવ વાગ્યાની આસપાસ શરૂ થયેલુ અને સાડા અગ્યાર આસપાસ પુરૂ થયેલુ તેમ જણાવે છે, પહેલુ પંચનામુ સવા અગ્યાર વાગ્યે

શરૂ થયેલુ અને સાડા બારે પુરૂ થયેલુ હોય તેવુ બનેલુ નથી, સિવિલ હોસ્પિટલમાં જે પંચનામુ લખેલુ તે અધુરૂ હતુ ક્રાઇમ બ્રાંચની ઓફીસે આવીને પોલીસે તે પંચનામુ પુરૂ કરી સહી લીધેલી, સાડા બારથી સવા વાગ્યે ક્રાઇમ બ્રાંચની ઓફીસે બીજા એક પંચનામામાં સહી કરેલાનુ કબુલ કરે છે, જે પંચનામુ આંક–૭૩ થી રજુ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો પોલીસ પાસે આ સાહેદનો મોબાઇલ નંબર હોવાથી જયારે પોલીસ બોલાવે ત્યારે મદદ કરવા જાય છે તે કબુલ કરે છે, પોલીસના માણસે પંચનામુ કરવા ફોન કરીને બોલાવેલ જેથી સવારના નવ વાગ્યે ગયેલાનુ બનેલુ નથી, સવારના આંઠ વાગ્યે પોલીસ સ્ટેશનથી પાલનપુર જવા નિકળેલા અને સાંજે છ વાગ્યા સુધી પાલનપુર રોકાયેલા, તેમની સાથે સાત, આઠ પોલીસ કર્મચારીઓ હોવાનુ જણાવે છે, મહેસાણાથી આબુ રોડ થઇ પાલનપુર જઇ કોઇ કાર્યવાહીમાં ભાગ લીધેલો નથી તો તે હકીકત નકારે છે, બોટલ સિવિલ માંથી કોને આપેલી તેની ખબર નથી, બોટલ ઉપર કોઇ નિશાની કરેલી નહીં પરંતુ સાહેદ જણાવે છે કે કાળો દોરો એકલો સાહેદના ધ્યાનમાં હતો, પાલનપુરમાં જગ્યાનુ પંચનામુ કરેલુ ત્યારે વરસાદ કે કાદવના નિશાન ન હતા ખાલી સુકી જમીન હતી તેમ જણાવે છે, ત્રીજુ પંચનામુ કપડા બાબતનુ હતુ તેની ખબર છે, કપડા વાળેલા હતા સિલ બંધ ન હતા, પોલીસના કર્મચારી પાલનપુર પોલીસ સ્ટેશનથી કપડા લાવેલા અને જમા કરાવેલા તેમ જણાવે છે, કપડા ગંધ મારતા હતા તે કપડા ઉપર કાદવ, કીચડ ચોંટેલા ન હતા તે ચિમડાઇ ગયેલા અને લોહી વાળા હતા, સાહેદ જણાવે છે તેવા

કોઈ કપડા કબજે કરેલા નહીં તો તે હકીકત નકારી છે, પાલનપુર જવા માટે અગાઉ પંચનામુ કર્યુ ત્યાર પછી કેટલા દિવસ બાદ બોલાવેલ તે યાદ નથી, બીજુ પંચનામુ પાલનપુર મુકામે કરેલુ અને ત્યાં સહી કરેલી, કપડાનુ પંચનામુ ક્રાઈમ બ્રાંચમાં કરવામાં આવેલુ કે કેમ તે યાદ નથી. આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પોલીસ સાથે સંપર્ક ધરાવે છે અને આ સાહેદનો મોબાઈલ નંબર પોલીસ પાસે છે જેથી પોલીસ જરૂર પડે ત્યારે આ સાહેદને મદદ કરવા માટે બોલાવતા હોય છે જેથી આ પંચ સાહેદની વિશ્વસનિયતા રહેતી નથી અને આ પસંદ કરેલા પંચ સાહેદ કહી શકાય.

(૮) ત્યારબાદ આ કામે આંક-૮૯ થી ફારૂક મોયુદ્દીન શેખને અને આંક-૯૬ થી નુરખાન સામતખાન પઠાણને તપાસવામાં આવેલા છે. ફરિયાદપક્ષના કેસ પ્રમાણે આ બંને સાહેદની હાજરીમાં પોલીસે વેગનઆર ગાડી કબજે કરેલી. આ સાહેદો પૈકી સાહેદ ફારૂક શેખની સરતપાસ મુજબ તેઓ વટવાથી રીક્ષા લઈ આવતા હતા ત્યારે પોલીસે હવેલી પાસે ઉભા રાખેલા અને એક કાગળમાં સહી લીધેલી, આ સિવાય બીજુ કાંઈ જાણતા નથી, સહી કોરા કાગળ ઉપર લીધેલી, પંચનામુ આ સાહેદને બતાવતા પોતાની સહી ઓળખી બતાવે છે જે પંચનામુ આંક-૯૦ થી રજુ કરેલુ છે. ત્યારબાદ સાહેદ નુરખાન સામતખાન પઠાણની સરતપાસ મુજબ તા.૧-૭-૨૦૧૨ ના રોજ તેઓ હવેલી પોલીસ સ્ટેશન સામેથી પસાર થતા હતા ત્યારે પોલીસે પંચનામામાં સહી કરવાનુ કહેતા સહી કરેલી તેઓની હાજરીમાં વેગનઆર ગાડી કબજે કરેલી હોય તેવુ બનેલુ નથી. આ બંને પંચ સાહેદોને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા

ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે ત્યારબાદ અદાલતની પરવાનગીથી આ બંને સાહેદોની ઉલટ તપાસ કરવામાં આવેલી છે પરંતુ પંચનામાની હકીકતોને આ બંને પંચ સાહેદો લેશમાત્ર સમર્થન કરતા નથી.

(૯) ત્યારબાદ આ કામે આંક-૯૪ થી નેહલ ધર્મેશભાઇ દવેને તપાસવામાં આવેલા છે. ફરિયાદપક્ષની હકીકત પ્રમાણે આ સાહેદની હાજરીમાં પોલીસે એક મોટર સાઇકલ હીરો હોન્ડા નં.જીજે ૧ એલએમ-૯૩૩૯ પંચનામુ કરી કબજે કરેલી. આ સાહેદની સરતપાસ મુજબ તા.૧-૭-૨૦૧૨ ના રોજ તેઓ ક્રાઇમ બ્રાંચની ઓફીસ ગાયકવાડ હવેલી ખાતે તેમના મિત્રનો એક કેસ જોવા માટે ગયેલા ત્યારે પોલીસે એક લાલ કલરનુ પેશન મોટર સાઇકલ કબજે કરવાનુ હોય પંચમાં રહેવા જણાવેલુ ત્યાં એક લખેલ પંચનામામાં સહી કરાવેલી, ત્યાં લાલ કલરનુ હીરો હોન્ડા મોટર સાઇકલ કબજે લેવાનુ જણાવેલુ પરંતુ તેનો નંબર જોયેલો નહીં કે મોટર સાઇકલ પણ જોયેલ નહીં, આ સિવાય બીજુ કાંઇ જાણતા નથી. વધુમાં સાહેદની સરતપાસ મુજબ પોલીસ સ્ટેશનમાં કૃણાલ રમેશભાઇ ભટ્ટ હાજર હોય તેમણે ગુના કામે ઉપયોગમાં લીધેલ મોટર સાઇકલ બતાવેલી હોય તે મોટર સાઇકલ હીરો હોન્ડા નં.જીજે૧ એલએમ-૯૩૩૯ હતી અને તે કબજે કરેલી હોય તેવુ બનેલુ નહીં, જે પંચનામામાં સહી લીધેલી તે આંક-૯૫ થી રજુ કરી તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી ઉલટ તપાસ કરેલી છે પરંતુ આ સાહેદ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન કરતા નથી.

(૧૦)ત્યારબાદ આ કામે આંક-૯૮ થી સંજયસિંહ જટુભા જાડેજાને તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૬-૭-૨૦૧૨ ના રોજ હવેલી પોલીસ સ્ટેશન પાસે આ સાહેદ તથા અલ્પેશ ભીખાભાઈ ઉભા હતા ત્યારે પોલીસના બે માણસે પંચમાં રહેવાનુ છે એક છોકરો મરણ ગયેલ છે તેમ જણાવેલુ જેથી પંચમાં રહેવાની સંમતિ આપેલી અને ૧૨-૧૫ કલાકે હવેલી પોલીસ સ્ટેશને પહોંચેલા ત્યાં સરવૈયા સાહેબ હાજર હતા પોલીસે ત્યાં લખાણ કરેલુ ત્યાં આરોપી સૌકત હતો તે બનાવવાળી જગ્યા બતાવતો હોય અને તે જગ્યા નરોડામાં આવેલી હતી જેથી પ્રાથમિક પંચનામુ કરી સરકારી ગાડીમાં બંને પંચો તથા આરોપી સૌકત અને પોલીસના માણસો બેસીને આરોપીના બતાવ્યા મુજબ વાહન હંકારી નરોડા ચંદન તલાવડી પાસે આનંદ મેળો ભરાયેલો ત્યાં પહોંચેલા, જયાં છોકરાને કરન્ટ લાગેલો તે જગ્યા બતાવેલી, કરન્ટ લાગ્યા બાદ તેઓ છોકરાને લઈ ગયેલા તે મેળાના આયોજક કૃણાલ ભટ્ટની જગ્યા હતી, તેમણે જણાવેલુ કે મોતના કુવાની પાછળની બાજુ પતરૂ કાઢી જયાંથી તે બાળકને બાઈક ઉપર લઈ ગયેલા તે જગ્યા તેમણે બતાવેલી, આ અંગે પંચનામુ બનાવેલુ જે આંક-૯૯ થી રજુ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો ગાયકવાડ હવેલી આગળ જે પાનનો ગલ્લો છે ત્યાંથી પોલીસે બોલાવેલા, જે જગ્યાએ બનાવ બનેલ હતો તે જગ્યા પંચનામા અગાઉ જોયેલી હતી તો તે હકીકત નકારી છે, હવેલી પોલીસ સ્ટેશને એ વખતે એટલા માટે આવેલા કે આ કેસમાં શું તપાસ થયેલી,

કોઇ પકડાયેલ કે નહીં તે જાણવા આવેલા, પોલીસે પંચમાં રહેવાનુ કહેતા પંચમાં રહેવા તૈયાર થયેલા, કેટલાક માણસોએ એક સૌકત નામનો માણસ પકડાયેલો છે તેવુ કહેવામાં આવેલુ તો તે હકીકત નકારી છે, નરોડા આવવા નિકળ્યા તે વખતે મોતના કુવા પાસે કરન્ટ લાગેલ અને સૌકત તે જગ્યા બતાવવા માંગે છે તેવી જાણ થઇ ગયેલાની હકીકત નકારી છે, નરોડા આનંદ મેળામાં પોતાના મોતના કુવા પાસે મયુર ઠાકોર નામના છોકરાને જે જગ્યાએ કરન્ટ લાગેલ ત્યાંથી લઇ ગયેલ તે જગ્યા બતાવવા માંગુ છુ તેવુ સ્વખુશીથી આરોપી સૌકતે જણાવેલાનુ જણાવે છે, આરોપી સૌકતે પોલીસ અને પંચોની હાજરીમાં એવુ કહેલુ કે" ત્યારપછી મોતના કુવાની બાજુમાં પતરૂ કાઢીને કૃણાલની ઓફીસ પાસે લઇ ગયેલા અને ત્યાંથી મોટર સાઇકલ વચ્ચે બેસાડીને ત્યાંથી નિકળી ગયેલા", આરોપીએ આ સાહેદની રૂબરૂમાં કોઇ જગ્યા બતાવી નથી તો તે હકીકત નકારી છે, ચકચાર ભર્યો કેસ હોય છોકરાનો કેસ હોય, બનાવ ખોટો બનેલો તેવી સાહેદને કુટુંબ પ્રત્યે લાગણી થયેલી તો તે હકીકત સાહેદ કબુલ કરે છે, આ સાહેદની હાજરીમાં કોઇ વસ્તુ સ્થળ ઉપરથી કબજે કરેલી નથી તો તે હકીકત કબુલ કરે છે. આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઇએ તો આ સાહેદે જે કબુલાત્મક હકીકતો જણાવેલી છે કે " મોતના કુવા પાછળ મયુર નામના છોકરાને જે જગ્યાએ કરન્ટ લાગેલ ત્યાંથી લઇ ગયેલા તે જગ્યા બતાવવા માંગે છે" આ હકીકત તથા " ત્યારપછી મોતના કુવાની બાજુમાં પતરૂ કાઢીને કૃણાલની ઓફીસ પાસે લઇ ગયેલા અને ત્યાંથી મોટર સાઇકલ વચ્ચે બેસાડીને ત્યાંથી નિકળી ગયેલા" આ હકીકત આરોપીની કબુલાત્મક હકીકતો હોય અને આરોપી પોલીસ

કસ્ટડીમાં હોય, આ બંને હકીકતો આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં.

(૧૧) ત્યારબાદ આ કામે આંક–૧૦૦ થી સંપત રામાજી રાઠોડને તપાસવામાં આવેલા છે. ફરિયાદપક્ષના કેસ પ્રમાણે આ સાહેદની હાજરીમાં ગુજરનાર બાળકનુ પી.એમ.કર્યા બાદ લાશ ઉપરથી લીધેલ કપડા મેડીકલ ઓફીસરે રજુ કરેલા તે અંગેનુ પંચનામુ પોલીસે બનાવેલુ જે આંક–૧૦૧ થી રજુ છે. આ પંચનામામાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે પરંતુ પંચનામાની હકીકતોને સાહેદ સમર્થન કરતા નથી જેથી ફરિયાદપક્ષે સાહેદને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરેલી અને અદાલતની પરવાનગીથી ઉલટ તપાસ કરેલી છે પરંતુ ફરિયાદપક્ષની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલુ નથી, ગુજરનાર બાળકની લાશ ઉપરથી અડધી બાંયનુ ટીશર્ટ, એક કાળા કલરનુ પેન્ટ, એક બ્લ્યુ કલરનો જાંગીયો, એક દોરાથી સિવેલી ગોદડી વિગેરે ચીજવસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી નથી તેમ જણાવે છે.

(૧૨)ત્યારબાદ આ કામે આંક–૧૧૫ થી અમજદઅલી સરદાર અલી પઠાણને તપાસવામાં આવેલા છે. આ સાહેદની સરતપાસ મજુબ તા.૨૯– ૬–૨૦૧૨ ના રોજ પોલીસ ઈન્સ્પેકટર શ્રી સરવૈયા સાહેબે આનંદ મેળા ખાતે તેમને બોલાવેલા, આનંદ મેળો નરોડા ચંદન તલાવડી પાસે હતો અને આનંદ મેળાની અંદર ઈલેકટ્રીક વાયરીંગ કે જેમાં ઈલેકટ્રીક કરન્ટ ચાલુ હતો તે બંધ કરવા બોલાવેલા, આ સાહેદે વાયરીંગનો ઈલેકટ્રીક કરન્ટ કટ કરી ફયુઝ, વાયરીંગ કાઢી પોલીસને આપવાનુ કહેતા સોંપેલા, આ વખતે એફ.એસ.એલ.અધિકારી અને

ફોટોગ્રાફર હાજર હતા. આ તમામ વસ્તુઓ પોલીસે મુદ્દામાલ તરીકે કબજે કરેલી.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતાં આ સાહેદે આવી કોઈ વસ્તુ કાઢીને મુદ્દામાલ તરીકે આપેલી હોય અને પોલીસે કબજે કરી હોય તેવુ બનેલુ નથી તો તે હકીકત નકારી છે.

(૧૩) ત્યારબાદ આ કામે આંક–૧૧૬ થી અલ્પનાબેન શ્રેયાંક કુમાર દાણીને તપાસવામાં આવેલા છે તેઓની સરતપાસ મુજબ આ સાહેદ બનાવના અરસામાં ઉર્જા અને પેટ્રોકેમીકલ વિભાગ હેઠળના વિદ્યુત નિરક્ષાલયમાં સહાયક વિદ્યુત નિરીક્ષક તરીકે ફરજ બજાવતા હતા તેમની ફરજમાં ઈન્ડીયન ઈલેકટ્રીક રૂલ્સ ૧૯૫૬ અંતર્ગત સલામતીની જોગવાઈઓનુ પાલન થાય છે કે કેમ તે જોવાનુ છે. આ સાહેદના કહેવા પ્રમાણે કોઈ પણ વ્યકિત ખુલ્લા પ્લોટમાં મેળા કે સરકસ, ધાર્મિક પ્રસંગ કે જયાં ૧૦૦ થી વધારે વ્યકિતઓ ભેગા થવાના હોય તેવી જગ્યા ઉપર વિજ કનેકશનની પરવાનગી માંગવા માટે આ સાહેદની કચેરી ખાતે આયોજકો પ્લાન સાથે અરજી કરે છે ત્યારબાદ નકશાની ચકાસણી કરી મંજુરી આપવામાં આવે છે, જે તે જગ્યાએ કામ પૂર્ણ થાય ત્યારે ત્યારબાદ વિજળી કોન્ટ્રાકટર આ સાહેદની ઓફીસમાં ટેસ્ટ રીપોર્ટ રજુ કરે છે ત્યારબાદ વિદ્યુત પેટા નિરીક્ષક અથવા જુનીયર સહાયક વિદ્યુત નિરીક્ષક સ્થળ ઉપર ચકાસણી માટે જાય છે તેઓ ટેસ્ટ રીપોર્ટ મુજબની કામગીરી થયેલ છે કે કેમ? સલામતીની જોગવાઈઓનુ પાલન થયેલ છે કે કેમ? તેનુ નિરીક્ષણ કરે છે અને ત્યારબાદ આયોજકોને વિજ કનેકશનનુ એન.ઓ.સી. આપવામાં આવે છે, તા.૨૪–૬–૨૦૧૨ ના રોજ ચંદન તળાવ નરોડા ખાતે ભરાયેલ મેળામાં મયુર ઠાકોર નામનો

છોકરો ગુમ થયેલ અને એક અઠવાડીયા પછી તેનો મૃતદેહ પાલનપુર આસપાસ મળી આવેલો આ અંગે પોલીસે પુછપરછ કરેલી. વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ  આ મેળાના આયોજકે ૩૦ કીલો વોટનો વિદ્યુત પુરવઠો મેળવવા અરજી કરેલી, તા.૪–૬–૨૦૧૨ ના રોજ તે અરજી મંજુર કરેલી, વિજળી કોન્ટ્રાકટરે રીપોર્ટ તા. ૧૩–૬–૨૦૧૨ ના રોજ રજુ કરેલો તે દિવસે સ્થળ તપાસણી કરી વિદ્યુત પેટા નિરીક્ષકે તપાસણી કરીને રીપોર્ટ આપેલો ત્યારબાદ એન.ઓ.સી. ઇસ્યુ કરવામાં આવેલી, આ રીપોર્ટ આંક–૧૧૭ થી રજુ કરવામાં આવેલો છે.

આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લઇએ તો અરજી સાથે કોન્ટ્રાકટર દ્ધારા રીપોર્ટ કરવામાં આવેલ તે પણ માન્ય કોન્ટ્રાકટર હતા તે માન્ય કોન્ટ્રાકટરનો ટેસ્ટ રીપોર્ટ પોઝીટીવ માલુમ પડેલો તેવુ કબુલ કરે છે, ટેમ્પરરી વિજ સ્થાપન આપતા પહેલા જે કોન્ટ્રાકટર દ્ધારા ટેસ્ટીંગ રીપોર્ટ આપવામાં આવેલો હોય તેના એક માણસે આ વિજ કનેકશન દરમ્યાન સ્થળ ઉપર તકેદારીના પગલા રૂપે હાજર રહેવાનુ હોય છે તે કબુલ કરે છે, આ અંગેની હકીકત રીપોર્ટમાં જણાવેલી છે તેમ જણાવે છે. વધુમાં આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો જો વિજ વહન સતત ચાલુ હોય તો તેનો અર્થ એ થાય કે શોર્ટ સરકીટ થયેલ નથી. આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેતા આનંદ મેળાના આયોજકે નિયમ પ્રમાણે આ સાહેદની ઓફીસમાં ૩૦ કીલો વોટનુ વિજ કનેકશન મેળવવા અરજી કરેલી તે અંગેના પ્લાન, રીપોર્ટ રજુ કરેલા જેની ચકાસણી કર્યા બાદ આ સાહેદની ઓફીસ તરફથી વિજ કનેકશન અંગે એન.ઓ.સી.આપવામાં આવેલ હતુ.

(૧૪)ત્યારબાદ આ કામે આંક–૧૧૮ થી બાલાજી કેશરજી ઠાકોરને તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ ગુજરનાર બાળક આ સાહેદનો દિકરો હતો. તા.૨૪–૬–૨૦૧૨ ના રોજ તેમના ઘરની બાજુમાં આનંદ મેળો લાગેલો હતો, બનાવના દિવસે તેમની પત્નિને પુછેલુ કે મયુર કયાં ગયો છે? તો મેળામાં ગયેલ છે તેવુ જાણેલુ, આ સાહેદ તથા તેમની પત્નિ, તેમનો દિકરો આનંદ મેળામાં ગયેલા અને મયુરની શોધખોળ કરેલી પરંતુ મયુર મળી આવેલો નહીં, મેળાની લાઇટો ચાલુ કરાવેલી પરંતુ તે મળી આવેલો નહીં જેથી મયુર ગુમ થયાની જાણ પોલીસ સ્ટેશનમાં કરેલી, તા.૨૯ ના રોજ ક્રાઇમ બ્રાંચ પોલીસ સ્ટેશને બોલાવેલા અને દિકરાની ડેડબોડી ઓળખવા પાલનપુર લઇ ગયેલા, પાલનપુર પોલીસ સ્ટેશનમાં દિકરાના કપડા બતાવેલા તેની ડેડબોડી સિવિલ હોસ્પિટલમાં બતાવેલી, કપડા ઉપરથી લાશની ઓળખ થયેલી, લાશ ઓળખાય તેવી ન હતી તેમાં જીવાત પડી ગયેલી, ત્યારબાદ ડેડબોડીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવેલી ત્યાં ફરી વખત પી.એમ. કરવામાં આવેલુ, આ સાહેદને પાછળથી જાણવા મળેલુ કે છોકરાને મેળામાં શોટ લાગેલો તેની ડેડબોડી અડાલજ લઇ જવામાં આવેલી, મેળાના સંચાલક અને મોતના કુવાના સંચાલક આ ડેડ બોડી વેગનઆર ગાડીમાં લઇ ગયેલા અને ચિત્રાસણી રોડ ઉપર નાળા નીચે ફેંકી દીધેલી, પોલીસે ડેડબોડી ઉપરના કપડા કબજે કરેલાનુ જણાવે છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો પોલીસ નિવેદનમાં ન લખાવેલી ઘણી બધી હકીકતો પોતાની સરતપાસમાં સાહેદે જણાવેલાનુ માલુમ

પડે છે, મેળાના સંચાલક તથા મોતના કુવાના સંચાલકના નામો પોલીસ મારફતે જાણવા મળેલાનુ જણાવે છે, આ લોકો આ સાહેદના ઘરે પાણી ભરવા માટે આવતા હતા માટે નામથી ઓળખે છે, પોલીસે આ બંને સંચાલકોની ઓળખ પરેડ કરાવેલી નથી તે કબુલ કરે છે, પોલીસના કહેવાથી આરોપીને ઓળખી બતાવતા હોવાની હકીકત નકારે છે. વધુમાં આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો આનંદ મેળાથી દિકરો ઘરે પરત આવેલો અને પત્નિ પાસેથી રૂા.દસ લઈને પાછો મેળામાં ગયેલાની હકીકત કબુલ કરે છે, આ સાહેદ તથા તેમની પત્નિ આનંદ મેળામાં ગયેલા અને મોટા દિકરો પણ સાથે આવેલો તે કબુલ કરે છે, શોધખોળ કર્યા બાદ આનંદ મેળામાં ગયેલાનુ કબુલ કરે છે, આનંદ મેળામાં ગયા ત્યારે મેળો પુરો થઇ ગયેલો અને લાઇટો બંધ હતી તેમ જણાવે છે તે વખતે એક કૃણાલ નામની વ્યકિત હાજર હતી તેમણે લાઇટો ચાલુ કરાવીને બાળકની શોધખોળ કરેલી, પોલીસે બનાવ સબંધેની હકીકત જણાવેલી. આમ આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતાં આ સાહેદ તથા તેમની પત્નિ તથા મોટો દિકરો આનંદ મેળામાં ગયા ત્યારે આનંદ મેળો પુરો થઇ ગયેલો અને લાઇટો બંધ હતી ત્યાં આનંદ મેળાના આયોજક કૃણાલ ભટ્ટ હાજર હતા તેમની પાસે લાઇટો ચાલુ કરાવેલી અને તેમના દિકરાની શોધખોળ કરાવેલાનુ માલુમ પડે છે.

(૧૫) ત્યારબાદ આ કામે આંક-૧૨૦ થી જયોત્સનાબેન બાલાજી ઠાકોરને તપાસવામાં આવેલા છે. આ સાહેદ ગુજરનાર બાળકની માતા છે તેઓની સરતપાસ મુજબ તા.૨૪-૬-૨૦૧૨ ના રોજ તેમનો દિકરો મયુર રૂા.દસ લઈને મેળામાં ગયેલો તેને ચગડોળમાં બેસવા રૂા.દસ આપેલા, રાતના પોણા નવની

આસપાસ તેમના પતિ તથા મોટો દિકરો જમવા બેઠેલા પરંતુ મયુર આવેલો નહીં જેથી મેળામાં શોધવા ગયેલા, શોધવા છતા દિકરો દેખાયેલો નહીં, મેળામાં કૃણાલ ભટ્ટ મળેલા તેમને છોકરો મયુર ગુમ થયાની વાત કરેલી, મેળાની લાઇટો ચાલુ કરાવેલી, છોકરાની શોધખોળ કરેલી પરંતુ મળી આવેલો નહીં ત્યારબાદ સગા સબંધીમાં તપાસ કરેલી પરંતુ મળી આવેલો નહીં જેથી ગુમ થયાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં લખાવેલી, પાછળથી જાણવા મળેલુ કે તેમના દિકરાની લાશ મળેલી છે તેમના પતિ પાલનપુર ખાતે પોલીસ સાથે ગયેલા, પોલીસે ત્યાં લાશ બતાવેલી, પાછળથી એવુ જાણવા મળેલુ કે દિકરાને શોટ લાગ્યો છે, આ શોટ કૃણાલ ભટ્ટના મેળામાં લાગેલાનુ જણાવે છે, શોટ લાગ્યા પછી કૃણાલ ભટ્ટ અને સૌકત છોકરાને વચ્ચે રાખી મોટર સાઇકલ ઉપર કોબા સર્કલ પાસે લઇ ગયેલા ત્યાં મિશ્રાજીની વેગનઆર કાર મંગાવેલી અને પાલનપુર પાસે ચિત્રાસણ ગામના નાળા પાસે લાશ ફેંકી દીધેલાનુ જાણવા મળેલુ, કપડા ઉપરથી છોકરાની લાશને ઓળખેલાનુ જણાવે છે.

વધુમાં આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો પોલીસે એક જ વખત પુછપરછ કરેલી, બનાવના દિવસે આ સાહેદ, નંદાબેન, રેખાબેન, ગાયત્રીબેન મેળો જોવા ગયેલાનુ કબુલ કરે છે, કૃણાલ તથા સૌકત તેમના દિકરાને વચ્ચે બેસાડી મોટર સાઇકલ ઉપર લઇ ગયેલા તેવુ પોલીસ નિવેદનમાં લખાવેલ નથી તે કબુલ કરે છે તેમજ કોબા સર્કલ લઇ ગયેલાનુ પણ પોલીસ નિવેદનમાં લખાવેલ નથી તે પણ કબુલ કરે છે, કોબા સર્કલ મિશ્રાજીની ગાડીમાં લઇ ગયેલાનુ પોલીસ નિવેદનમાં લખાવેલ ન હોવાનુ કબુલ કરે છે, સરતપાસમાં

જે કાંઇ હકીકતો જણાવી છે તે પોલીસ દ્ધારા જાણવા મળેલી તે કબુલ કરે છે, સૌકત આ સાહેદના ઘરે પાણી ભરવા આવતો હતો તે હકીકત પોલીસ નિવેદનમાં લખાવેલ નથી તેવુ કબુલ કરે છે, પોલીસે આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી નથી તે કબુલ કરે છે, ઘરે આવ્યા પછી મયુરની શોધખોળ કરવા આનંદ મેળામાં ગયેલાનુ કબુલ કરે છે, બનાવ અંગે કોઇ જાત માહીતી નથી તે કબુલ કરે છે.

(૧૬) ત્યારબાદ આ કામે આંક–૧૨૧ થી પંકજકુમાર મફતલાલ પટેલને તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ આ સાહેદને વેગન આર ગાડી નં.જીજે ૨૪–એ–૬૨૦૪ બાબતે પોલીસે બોલાવેલા, પોલીસે ગાડીના દસ્તાવેજો જમા કરાવવાનુ કહેલુ જેથી જમા કરાવેલા, ગાડી પોલીસ સ્ટેશનમાં હતી, આ ગાડી દેવચંદ મિશ્રાજીને આપેલી તેઓને આ સાહેદ ઓળખે છે તેઓ પાટણમાં રહે છે, વેગનઆર ગાડીના ઝેરોક્ષ કાગળો રજુ કરેલા જે માર્ક–એ થી રજુ છે, આ સિવાય બીજી કોઇ હકીકત આ સાહેદના પુરાવામાંથી નિકળી આવતી નથી.

(૧૭)ત્યારબાદ આ કામે આંક–૧૫૮ થી તરૂણકુમાર અશ્વિનભાઇ ભટ્ટને તપાસવામાં આવેલા છે તેઓની સરતપાસ મુજબ તા.૧–૭–૨૦૧૨ ના રોજ અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચમાં પોલીસ સબ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સ્ટાફના કલ્પેશસિંહ, ભાવેશ તથા મનુભાઇ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સદર ગુનામાં લાશને સગેવગે કરવામાં વપરાયેલ વેગનઆર ગાડી જીજે–૨૪ એ–૬૨૦૪ વાદળી કલરની ગાડી કલોલ થી અમદાવાદ તરફ આવતી હોવાની માહિતી મળતા પંચોને સમજ કરેલી અને ગાડી

આવતા તેને રોકેલી જેમાં ભલાજી ઠાકોર તથા મિશ્રાજી બેઠેલ હતા, આ ગાડી તથા કાગળો કબજે લઈ મોકલી આપેલા, આંક-૯૦ થી રજુ કરેલ પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો બાતમી મળી અને વાહન આવ્યુ તે વચ્ચે બે થી અઢી કલાકનો સમય થયેલો હશે, જે જગ્યાની બાતમી મળેલી તે ભરચક વિસ્તાર છે ત્યાં સી.સી.ટી.વી.કેમેરા ન હોવાનુ જણાવે છે, આ સાહેદને કોઈ બાતમી મળી નથી તો તે હકીકત નકારે છે, આરોપીઓને ખોટી રીતે સંડોવેલાની હકીકત નકારે છે.

(૧૮)ત્યારબાદ આ કામે આંક-૧૫૯ થી મહેન્દ્રસિંહ ધીરૂભા ઝાલાને તપાસવામાં આવેલા છે તેઓની સરતપાસ મુજબ તા.૨૯-૬-૨૦૧૨ ના રોજ ક્રાઈમ બ્રાંચ અમદાવાદ ખાતે ફરજ ઉપર હતા ત્યારે નાયબ પોલીસ અધિક્ષક સાહેબ તરફથી સુચના મળેલી કે નરોડામાં જે બાળક તા.૨૪-૬-૨૦૧૨ ના રોજ ગુમ થયેલ છે તેની લાશ પાલનપુર પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ચિત્રાસણ ગામની સીમમાં રોડની બાજુમાં આવેલ ખાડામાંથી મળી આવેલી છે જેથી ગુમ થયેલ બાળક તે જ છે કે કેમ તે અંગે બાળકના પિતાશ્રીને સાથે લઈ જવાની સુચના મળેલી જેથી ગુમ થયેલ બાળકના પિતાશ્રીને લઈ પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ગયેલા ત્યાં ગુમ થયેલ બાળકના પિતાએ તેમના બાળકની લાશ અને પહેરેલ કપડા ઓળખી બતાવેલા, પાલનપુર ખાતે બાળકનુ પી.એમ.કરાવેલુ અને ત્યારબાદ લાશને સિવિલ હોસ્પિટલ,અમદાવાદ ખાતે લાવવામાં આવેલી.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો બીજા પોલીસ સ્ટેશન માંથી જે મુદ્દામાલ કબજે કરેલો હોય તે મુદ્દામાલ લેવા મુદ્દામાલ પાવતીમાં સહી કરીને મુદ્દામાલ મેળવવાનો હોય છે તે કબુલ કરે છે, આ મુદ્દામાલ રજીસ્ટરમાં તે કયાં મોકલ્યો, કઈ તારીખે મોકલેલો તેની નોંધ કરવામાં આવે છે તે કબુલ કરે છે, મુદ્દામાલ રીસીવ કરનારની સહી લેવામાં આવે છે તે કબુલ કરે છે, મુદ્દામાલ કબજે લેવામાં આવેલ હોય તો તેને સિલ કરી, પંચનામુ કરી પંચોની સહી લેવામાં આવે છે? તે પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે દરેક કિસ્સામાં સિલ કરવામાં આવતુ નથી, ગુનાના સંજોગો પ્રમાણે સિલ કરવામાં આવતો હોય છે, આ સાહેદની રૂબરૂમાં કપડા બતાવેલા તેવુ પોલીસ જવાબમાં લખાવેલ નથી તે કબુલ કરે છે, મળી આવેલ કપડાની બીજા કપડા સાથે સરખામણી કરેલી નથી, ગુજરનારના પિતાશ્રીને લઈ આ સાહેદ પાલનપુર ગયેલા નથી તો તે હકીકત નકારે છે, આ સિવાય બીજી કોઈ હકીકત આ સાહેદની જુબાનીમાંથી નિકળી આવતી નથી.

(૧૯)ત્યારબાદ આ કામે આંક-૧૬૦ થી બલભદ્રસિંહ ફતુભા ગોહીલને તપાસવામાં આવેલા છે. આ સાહેદ બનાવ વખતે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા, તા.૨૪-૬-૨૦૧૨ ના રોજ મયુર નામનો છોકરો મેળો જોવા જવુ છે તેમ કહી રૂા.દસ લઈ ઘરેથી નિકળેલો અને પરત આવેલો નહીં જેથી ગુમ થયાની સ્ટેશન ડાયરીમાં જાણવા જોગ નોંધ કરેલી જેનો ઉતારો આંક-૧૬૧ થી રજુ કરેલો છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો ગુમ થનાર વ્યકિતનુ

શારીરીક વર્ણન, પહેરેલ કપડા વિગેરે અંગે નિવેદન લેવાનુ હોય છે તે કબુલ કરે છે, શરીર ઉપરના ઓળખ ચિહનો બાબતે પણ નિવેદન લેવાનુ હોય છે તે કબુલ કરે છે.

(૨૦)ત્યારબાદ આ કામે આંક-૧૬૨ થી વિષ્ણુકુમાર રામજીભાઇ ચૌધરીને તપાસવામાં આવેલા છે. આ સાહેદની સરતપાસ મુજબ તા.૨૮-૬-૨૦૧૨ ના રોજ આ સાહેદ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં એક દિવસના ચાર્જમાં હતા તે દિવસે ચિત્રાસણ રોડ ઉપરના નાળામા એક લાશ પડેલાની બાતમી મળેલી, પી.એસ.ઓ. એ તપાસ આ સાહેદ તરફ મોકલતા તપાસ સંભાળેલી અને જગ્યા ઉપર ગયેલા, લાશનુ ઇન્કવેસ્ટ પંચનામુ કરી સિવિલ હોસ્પિટલ ખાતે જરૂરી કાર્યવાહી માટે મોકલી આપેલી તથા પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ, લાશ કોહવાયેલી હાલતમાં હતી, લાશ ઉપરથી કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવા તજવીજ કરેલી, પી.આઇ. ગઢવી રજા ઉપરથી પરત આવતા તપાસ તેમને સોંપેલી.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો ઇન્કવેસ્ટ પંચનામામાં ગોદડી તથા જાંગીયાની કોઇ હકિકત લખેલી નથી તે કબુલ કરે છે, ઇન્કવેસ્ટ પંચનામામાં આસમાની ચોકડી કલરના શર્ટનો ઉલ્લેખ છે તે કબુલ કરે છે, ઇન્કવેસ્ટ પંચનામામાં બંને પંચોની તૈયાર પંચનામામાં સહી લીધેલાની હકીકત નકારી છે, મુદ્દામાલ કોઇને સોંપવામાં આવેલ હોય તો તે વ્યકિતનુ નામ, સહી, સમય લખવામાં આવે છે તે કબુલ કરે છે, જે કાંઇ કપડા ડોકટરે મોકલેલા તે પણ એફ.એસ.એલ.માં મોકલેલા તે કબુલ કરે છે, લાશ ઉપર કોઇ કપડા હતા જ નહીં

તે હકીકત કબુલ કરે છે. આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ગુજરનારની લાશનું શબ પરીક્ષણ કરેલુ ત્યારે લાશ ઉપરથી કપડા કબજે કરેલાની હકીકત અગાઉના પુરાવામાં છે જયારે આ સાહેદ જણાવે છે કે લાશની ઓળખ સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવેલી અને લાશ ઉપર કપડા હતા નહીં. આમ લાશ ઉપર કપડા હતા કે કેમ? તે બાબતે મહત્વનો વિરોધાભાસ છે.

(૨૧)ત્યારબાદ આ કામે આંક–૧૬૩ થી આયદાનજી કાળુજી ગઢવીને તપાસવામાં આવેલા છે તેઓની સરતપાસ મુજબ સને–૨૦૧૨ ની સાલમાં પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા, તેઓ રજા ઉપર ગયેલા ત્યારે ચાર્જ બીજા પોલીસ સબ ઈન્સ્પેકટર વી.આર.ચૌધરીને સોંપેલો, વી.આર.ચૌધરીએ લાશ ઉપરથી કપડા કબજે કરેલા, ગુજરનાર છોકરાના પિતાએ ગુજરનાર પોતાનો છોકરો લાગે છે તેવુ જણાવેલુ જેથી બે પંચો રૂબરૂ પંચનામુ કરેલુ.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો કપડા ગુજરનારના હતા અને તે તેના પિતાએ ઓળખી બતાવેલા નથી તો તે હકીકત નકારી છે, અમદાવાદના પોલીસ સબ ઈન્સ્પેકટરને કપડા સોંપેલા નહીં તે હકીકત ખોટી જણાવે છે તો તે હકીકત પણ નકારી છે.

(૨૨)ત્યારબાદ આ કામે આંક–૧૬૪ થી કિશોરભાઈ બચુભાઈ શહેરીને તપાસવામાં આવેલા છે. આ સાહેદની સરતપાસ મુજબ તા.૭–૭–૨૦૧૨ ના રોજ સ્કવોર્ડ ઈન્ચાર્જ પી.આઈ.શ્રી વાઘેલા સાહેબે એક યાદી આપેલી

અને જણાવેલ કે ગુજરનારની માતાનો ડી.એન.એ. ટેસ્ટ કરાવવાનો હોય સિવિલમાં જઇ આર.એમ.ઓ. સાહેબને યાદી આપી બ્લડ સેમ્પલ મેળવી એફ.એસ.એલ.માં ચકાસણી માટે આપવુ જેથી ગુજરનારના માતૃશ્રી જયોત્સના બેનને સિવિલ હોસ્પિટલ લઇ ગયેલા અને આર.એમ.ઓ. સાહેબને યાદી આપી બ્લડ ટેસ્ટ કરાવેલો, બ્લડનુ જે સેમ્પલ લીધેલુ તે આઇસ બોક્ષમાં મુકી એફ.એસ. એલ.માં જમા કરાવેલુ. આ સિવાય બીજી કોઇ હકીકત તેમની જુબાની ઉપરથી નિકળી આવતી નથી.

(૨૩)ત્યારબાદ આ કામે આંક-૧૬૫ થી પરેશભાઇ ઇશ્વરભાઇ સોલંકીને તપાસવામાં આવેલા છે. આ સાહેદની સરતપાસ મુજબ તા.૩૦-૬-૨૦૧૨ ના અરસામાં અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ ખાતે પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે દિવસે સાથેના પોલીસ ઇન્સ્પેકટર પી.જી.વાધેલા સાહેબે એક લેખિત યાદી આપેલી અને જણાવેલ કે નરોડા ખાતેના આનંદ મેળાનુ સંપૂર્ણ વિગતવારનુ પંચનામુ કરવા યાદી પાઠવેલી જેથી પંચો રૂબરૂ ક્રાઇમ બ્રાંચના વિડીયોગ્રાફર સુરસિંહ માધુસિંહ તેમજ ફોટોગ્રાફર સંજય રામજીભાઇની મદદથી તેમજ બે પંચો અજય પ્રવિણભાઇ પટેલ, ધવલ અશોકભાઇ ભટ્ટની હાજરીમાં તેઓના જોયા, લખાવ્યા મુજબનુ પંચનામુ લખેલુ.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો વાધેલા સાહેબે અરજન્ટ પંચનામુ કરવાનુ છે તેમ જણાવેલુ, અગાઉ પી.આઇ. સરવૈયા સાહેબે તા.૨૯-૬-૨૦૧૨ ના રોજ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ છે તેવુ જણાવેલુ નહીં તેમ જણાવે છે, પંચનામાની કાર્યવાહીમાં શરૂઆતથી અંત સુધી આ સાહેદ

સ્થળ ઉપર હાજર રહેલાનુ કબુલ કરે છે, વિડીયોગ્રાફી આ સાહેદની હાજરીમાં થયેલી તે અંગેની સી.ડી.કયાં તૈયાર થયેલી તેની ખબર નથી, વાઘેલા સાહેબને સી.ડી. કયારે તૈયાર કરીને આપેલી તે પણ કહી શકે નહીં, ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવુ પંચનામુ તૈયાર કરેલાની હકીકત નકારે છે, વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરનારના નામનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબુલ કરે છે, પંચનામુ કરવા ગયા ત્યારે રાબેતા મુજબ લાઇટો ચાલુ હતી અને મેળો ચાલુ હતો તો તે હકીકત નકારે છે, જે વાયર લટકતા હતા તે ચાલુ છે કે બંધ તેનો કોઇ ટેસ્ટ કરેલ નથી તે કબુલ કરે છે, મોતના કુવાથી જમ્બો ચગડોળ કેટલે દુર આવેલુ છે તેનુ માપ કરેલ નથી, ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની કોઇ નેગેટીવ રજુ કરેલ નથી તેમ જણાવે છે.

(૨૪)ત્યારબાદ આંક–૧૭૭ થી સ્મિતેષ ધનશ્યામભાઇ સોલંકીને તપાસવામાં આવેલા છે. આ સાહેદની સરતપાસ મુજબ તા.૨૫–૬–૨૦૧૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશનમાં સેકન્ડ પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા, એન્ટ્રી નં.૧૬૪/૧૨ થી બાળક ગુમ થયાની નોંધ કરવામાં આવેલી તેની તપાસ આ સાહેદને સોંપવામાં આવેલી, બાળકનો ફોટો જુદા, જુદા અખબારો તથા ટેલીવીઝન ઉપર બ્રોડકાસ્ટ કરવા માટેની કાર્યવાહી કરેલી, લાગતા, વળગતા સાહેદોના નિવેદનો લીધેલા ત્યારબાદ તપાસ ક્રાઇમ બ્રાંચને સોંપેલી, ફોટોગ્રાફસ આંક–૧૭૮ થી રજુ કરેલા છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો ક્રાઇમ બ્રાંચને કયારે તપાસ સોંપેલી તે સમય ખ્યાલ નથી, જાણવાજોગ એન્ટ્રીમાં મરણજનારના પિતાએ જે વિગતો લખાવેલી તે કહી શકે નહીં, કયા,કયા સાહેદોના નિવેદનો

લીધેલા તેઓના નામો આપી શકે નહીં, બનાવ સ્થળે ગયેલા પરંતુ તેનુ પંચનામુ કરેલુ નથી, બનાવ સ્થળે કામ કરતા વ્યકિતઓના જવાબો લીધેલા નહીં તો તે હકીકત નકારી છે, આ સાહેદ પાસે તપાસ રહી ત્યાં સુધી આ બાબતે ગુનો દાખલ કરવો જોઇએ તેવુ લાગેલુ નહીં તેમ જણાવે છે, આ કામે જાણવાજોગ નોંધ રજુ કરેલ નથી તે કબુલ કરે છે, એન્ટ્રી પોલીસ વિરૂધ્ધમાં જતી હોવાથી રજુ કરી નથી તો તે હકીકત નકારી છે, છોકરો ગુમ થયાના ફોટા તથા અહેવાલ પેપરમાં રજુ થયેલા તેવા પેપર કટીંગ આ કામમાં રજુ કરેલા નથી તે કબુલ કરે છે, તપાસમાં બેદરકારી દાખવેલી માટે કેસ ક્રાઇમ બ્રાંચને સોંપવામાં આવેલો તો તે હકીકત પણ નકારી છે.

(૨૫)ત્યારબાદ આંક-૧૭૯ થી રામજીભાઇ ડુંગરભાઇ પરમારને તપાસવામાં આવેલા છે. આ સાહેદની સરતપાસ મુજબ તા.૨૫-૬-૨૦૧૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ઈન્વે. હેડ કોન્સ્ટેબલ બલભદ્રસિંહ કનુભાઇએ નરોડા જાણવા જોગ એન્ટ્રી નં. ૧૬૪/૨૦૧૨ દાખલ કરેલી તેની તપાસ આ સાહેદને સોંપેલી, એન્ટ્રી મુજબ મયુર બાલાજી ઠાકોર ઉ.વ.૯ ગુમ થયેલ અને તે બાબતે આનંદમેળાના કૃણાલ રમેશભાઇ ભટ્ટ કે જેઓ આયોજક હતા તેઓનું તેમજ ગીરીશ કનુભાઇ મકવાણા કે જેઓ આનંદ મેળાના સિકયુરીટી ગાર્ડ હતા તેઓનુ નિવેદન લીધેલુ અને આગળની તપાસ પી.એસ.આઇ. એસ.ડી.સોલંકી સાહેબને સોંપેલાનુ જણાવે છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો જાહેરાત ગુમ થનારના પિતાએ લેખિતમાં બલભદ્રસિંહને આપેલાનો ઇન્કાર કરે છે, સ્થળ મુલાકાતે આ

સાહેદ ગયેલા પરંતુ ગુનાવાળી જગ્યાનુ કોઇ પંચનામુ કરેલુ નહીં તેમ જણાવે છે, મેળામાં કામ કરનાર કોઇ વ્યકિતના નિવેદનો લીધા નથી તે કબુલ કરે છે, આ સિવાય બીજી કોઇ હકીકત આ સાહેદ જણાવતા નથી.

(૨૬)ત્યારબાદ આ કામે આંક-૨૦૦ થી રાજુ રામનાથજી મીણાને તપાસવામાં આવેલા છે. આ સાહેદની સરતપાસ મુજબ આ સાહેદ આનંદ મેળાની અંદર મોતના કુવામાં બાઇક ચલાવતા હતા, આ સાહેદની સાથે અલ્તાફ, છોટુ તથા બીજો એક છોકરો કે જેના નામની ખબર નથી તે કામ કરતા હતા, બનાવના દિવસે ગાડી ચલાવી રહ્યા હતા અને મોતના કુવા પાસે આ સાહેદ, અલ્તાફ, સત્તાર અને છોટુ હાજર હતા તે દિવસે મેળો બંધ થઇ ગયા પછી સોસાયટીના કેટલાક લોકો છોકરાને શોધી રહ્યા હતા, બીજા દિવસે ક્રાઇમ બ્રાંચની ગાડી આવેલી અને બધાને લઇ ગયેલા, છોકરો કોણ હતો તેની ખબર નથી, છોકરા બાબતમાં કાંઇ જાણવા મળેલ નહીં, આ સિવાય બીજુ કાંઇ જાણતા નથી, બનાવના દિવસે મોતના કુવા પાસે કોઇ છોકરાને કરન્ટ લાગેલો હોય તેની ખબર નથી, છોકરાને વિજ કરન્ટ લાગવાથી તરફડીયા મારતો હોય અને સૌકત તે છોકરાને તંબુમાં લઇ ગયેલો હોય તેની ખબર નથી, તે છોકરાને કૃણાલ તથા સૌકત મોટર સાઇકલ ઉપર લઇ જતા રહેલાની હકીકત ખબર નથી. આ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને અદાલતની પરવાનગીથી ઉલટ તપાસ કરવામાં આવેલી છે પરંતુ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન કરેલુ નથી.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો કલુઆ, અલ્તાફ, સત્તાર, પ્રકાશ, સૌકત, કૃણાલ અને ભલાજીને પોલીસ બીજા દિવસે લઇ ગયેલી

તે કબુલ કરે છે, પોલીસે ૧૭ દિવસ સુધી રાખી મુકેલાનુ કબુલ કરે છે, આ સિવાય બીજી કોઇ હકીકત નિકળી આવતી નથી.

(૨૭)ત્યારબાદ આંક-૨૦૧ થી કલુઆ અઝીઝ બાગવાનને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા છે. આ સાહેદની સરતપાસ મુજબ આ સાહેદ આનંદ મેળામાં ચગડોળ ઉપર કામ કરતા હતા, ચગડોળના માલિક એન્થોની અંકલ હતા, મેળાના માલિક કૃણાલ અને મિશ્રાજી હતા, બનાવના દિવસે ઝુલા ઉપર ફરજ ઉપર હતા ત્યારે તેમની પાસે ૩,૪ છોકરા બીજા હતા, બીજા દિવસે પોલીસ આવેલી અને બધાને પોલીસ સ્ટેશન લઇ ગયેલી તેમ જણાવે છે, કોઇ છોકરાને કરન્ટ લાગેલો હતો તે બાબતે પોલીસ લઇ ગયેલી, કયા છોકરાને કરન્ટ લાગેલો તેની ખબર નથી, મોતના કુવા પાસે કરન્ટ લાગેલો કે કેમ તેની ખબર નથી, પાછળથી છોકરાનુ શું થયુ તેની ખબર નથી, પોલીસ મેજીસ્ટ્રેટ પાસે લઇ ગયેલી ત્યાં સહી કરાવેલી, આ સિવાય બીજી કાંઇ ખબર નથી, આ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને અદાલતની પરવાનગીથી ઉલટ તપાસ કરવામાં આવેલી છે પરંતુ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન કરેલુ નથી.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો મોતના કુવા ઉપરાંત ઘણી બધી બીજી રાઇડસ મેળામાં હતી તે કબુલ કરે છે, મોતના કુવા અને ઝુલા વચ્ચે લગભગ ૮૦૦ થી ૧૦૦૦ ફુટનુ અંતર હતુ તે કબુલ કરે છે, મોતના કુવા પાસે શું બને તે દેખાય નહીં કે સંભળાય નહીં તે કબુલ કરે છે, પોલીસે નિવેદનમાં શું લખેલુ તે વાંચી સંભળાવેલુ નહીં, પોલીસે નામ,સરનામુ પુછેલુ તે સિવાય

બીજી કોઇ વિગતો પુછેલી નહીં તેમ જણાવે છે.

(૨૮)ત્યારબાદ આંક-૨૦૭ થી રાજેન્દ્રસિંહ રણજીતસિંહ સરવૈયાને તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૯-૬-૨૦૧૨ ના રોજ પોલીસ ઇન્સ્પેકટર, ક્રાઇમ બ્રાંચ તરીકે અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા ત્યારે પોલીસ કમિશ્નરશ્રી દ્વારા ગુમ થયેલ બાળકોને શોધવા ડ્રાઇવ રાખવામાં આવેલી, નરોડા પોલીસ સ્ટેશનમાં ગુમ થયેલ બાળક મયુર બાલાજી ઠાકોર બાબતે જાણવા જોગ એન્ટ્રી નં.૧૬૪/૨૦૧૨ નોંધાયેલી જેની તપાસ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ચાલતી હતી તેની તપાસ સંભાળવા માટે હુકમ થયેલો જેથી તપાસ આ સાહેદે સંભાળેલી, તા.૨૪-૬-૨૦૧૨ ના રોજ બાળક ગુમ થયેલો, મેળામાં ચગડોળ ચલાવતા કલુઆ અબ્દુલ અઝીઝ નામનો વ્યકિત બાળક ગુમ થયાની હકીકત જાણે છે જેથી તેની પુછપરછ કરેલી, તા.૨૪-૬-૨૦૧૨ ના રોજ રાત્રીના પોણા નવના અરસામાં તે પોતાના ચગડોળ પાસે હાજર હતો ત્યારે આનંદ મેળાના આયોજક કૃણાલ રમેશભાઇ ભટ્ટ તેની પાસે આવેલ અને જણાવેલ કે એક બાળકને ઇલેકટ્રીક કરન્ટ લાગેલ છે સૌકત કે જેનો મોતનો કુવો આવેલ છે તેની બાજુમાં આ બાળકને રાખવામાં આવેલ છે અને મોતના કુવા પાસે જઇ જોતા સૌકતના તંબુમાં એક બાળકને ખાટલામાં સુવડાવેલ હતો તે તરફડીયા મારતો હતો તેને ઇલેકટ્રીક કરન્ટ લાગેલ હતો વિગેરે મુજબનો જવાબ સાહેદ કલુઆએ લખાવેલાનુ જણાવે છે. વધુમાં મિશ્રાજી તથા ડ્રાઇવર લાલા સાથે અડાલજ પાસે ગયેલા અને ત્યાંથી બાળકને લઇને નિકળી ગયેલા અને પાલનપુર કોઇ પુલની નજીક બાળકને ફેંકી દીધેલાની હકીકત સાહેદ કલુઆએ જણાવતા

પાલનપુર પોલીસનો ટેલીફોનીક સંપર્ક કરેલો ત્યાં એક બાળકની લાશ મળી આવેલી, કપડા અને લાશનુ વર્ણન ગુમ થયેલ બાળકના પિતાએ લખાવેલુ તે આધારે તપાસ કરેલી, એફ.એસ.એલ.ના બે અધિકારી, એક ઈલેકટ્રીક કામના જાણકાર વ્યકિત, સરકારી ફોટોગ્રાફર, વિડીયોગ્રાફરને હાજર રાખેલા અને પંચોને બોલાવી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ તથા લાકડાની પેટી, ચાર નંગ ફ્યુઝ, ચાર ચોક, એક સ્ટાર્ટર વિગેરે કબજે કરેલ. વધુમાં સાહેદના જણાવ્યા મુજબ આ સાહેદે સરકાર તર્ફે કૃણાલ રમેશભાઈ ભટ્ટ કે જેઓ ફનફેરના માલિક હતા તેઓ, ભાગીદાર મિશ્રાજી, મોતના કુવાના માલિક સૌકત, અલ્તાફ હુસેન અંસારી, સત્તારખાન હકીમખાન, પ્રકાશ શિંદે તથા મિશ્રાજીના ડ્રાઈવર લાલા વિરૂધ્ધ ફરિયાદ આપેલી, ક્રિ.પ્રો.કોડ કલમ–૧૫૭ નો રીપોર્ટ જાહેર કરેલો હતો, ફરિયાદ આ કામે આંક–૨૦૮ થી તથા ક્રિ.પ્રો.કોડ કલમ–૧૫૭ નો રીપોર્ટ આંક–૨૦૯ થી રજુ કરેલો છે. આ બંને દસ્તાવેજમાં સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદે તપાસ દરમ્યાન પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો તે ઓળખી બતાવે છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થાય અને ગુનો ડીટેકટ ન થાય તો ક્રાઈમ બ્રાંચ તેની સમાંતર તપાસ કરી શકે તે કબુલ કરે છે, બાળક મયુર ગુમ થયાનુ બ્રોડકાસ્ટ થયાની જાણ છે, ૨૪ મી તારીખથી ૨૯ મી તારીખ દરમ્યાન આ સાહેદે કોઈ તપાસ કરેલી નથી તેમ જણાવે છે, ક્રાઈમ બ્રાંચની અન્ય ટીમોએ બાળકની તપાસ કર્યા અંગેનુ કોઈ મટીરીયલ્સ ઉપલબ્ધ નથી કે રેકર્ડમાં નથી તે કબુલ કરે છે, ૨૪ મી તારીખ થી

૨૯ મી તારીખ સુધીમાં ગુમ થનાર બાળક મયુરના માતા, પિતાની પુછપરછ કરેલી નથી, સ્થળ ઉપર ૨૯ મી તારીખે સવારે નવ વાગ્યે ગયેલાનુ જણાવે છે, અબ્દુલ અજીજ કલુઆ બાળક ગુમ થયાની કોઇ હકીકત જાણતો ન હતો અને કોઇ હકીકતો કહેલી નથી તો તે હકીકત નકારી છે, સાહેદ કલુઆ ઉત્તરપ્રદેશ રાજયનો વતની હતો અને ગુજરાતી ભાષા સમજી શકતો ન હતો તે કબુલ કરે છે, બનાવવાળી જગ્યાનુ પંચનામુ પંચો રૂબરૂ કરેલુ નથી અને તૈયાર પંચનામામાં પંચોની સહી લીધેલાની હકીકત નકારે છે, "તમોને ફરિયાદ અને કેસ બાબતે કોઇ જાત માહીતી નથી?" તે પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે "જાણવા જોગ નોંધ નં.૧૬૪/૧૨ ની તપાસ કરેલી અને તેમાં જે હકીકત મળેલી તેના આધારે માહિતગાર થયેલા તે સિવાય બીજી કોઇ માહીતી નથી", ૨૪ મી તારીખે બનાવ બનેલો તેની જાણ તા.૨૫ ના રોજ ક્રાઇમ બ્રાંચને થયેલાનુ કબુલ કરે છે, ૨૫ મી તારીખે બનાવની જાણ થયા પછી આનંદ મેળામાં કામ કરતા માણસોને ક્રાઇમ બ્રાંચની ઓફીસે લઇ આવેલાનુ જણાવે છે પરંતુ ૨૯ મી તારીખ સુધી તેઓને ગોંધી રાખેલાની હકીકત નકારે છે, બનાવની મોટા ભાગની તપાસ પોતે કરેલી તો તે હકીકત નકારે છે, ૨૯ મી તારીખ સુધી બનાવની કોઇ કડી મળેલી નહીં તે કબુલ કરે છે, પંચનામુ કરેલુ ત્યારે ગુનાને સાંકળતી કોઇ કડી મળેલી નહીં તો તે હકીકત નકારે છે, " આ બાળકને ઇલેકટ્રીક કરન્ટ લાગેલ છે અને તેને તાત્કાલીક કોઇ જગ્યાએ ખસેડી દેવામાં ન આવે તો ઘણી મુશ્કેલીઓ પડશે" આ હકીકત ફરિયાદમાં લખાવેલી ન હોવાનુ કબુલ કરે છે, આ સાહેદ જણાવે છે તેવી કોઇ માહીતી કલુઆએ આપેલી નહીં તો તે હકીકત નકારે છે.

(૨૯)ત્યારબાદ આ કામે આંક–૨૧૪ થી નરેન્દ્રસિંહ વજેસિંહ રહેવરને તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૯–૬–૨૦૧૨ ના રોજ ડી.સી.બી.પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન પી.આઇ આર.આર.સરવૈયા સાહેબે ફરિયાદ દાખલ કરવા કાગળો મોકલી આપેલા જેની સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૭/૨૦૧૨ કરેલી અને ક્રિ.પ્રો.કોડ કલમ–૧૫૭ નો રીપોર્ટ જાહેર કરી આગળની વધુ તપાસ પી.આઇ. પી.જી.વાઘેલાને મોકલેલી, ફરિયાદ દાખલ થતા પહેલા આર.આર.સરવૈયા સાહેબે તપાસના કાગળો સાથે પંચનામુ રજુ કરેલુ જે ગુનાવાળી જગ્યાનુ હતુ, મુદ્દામાલ પાવતી નં.૩૩૦/ ૨૦૧૨ ફાડેલી, મુદ્દામાલ લાકડાની પેટી જેની અંદર વાયરો જોઇન્ટ કરેલા હતા અમુક વાયરો કાપેલા હતા, ચાર નંગ ફયુઝ, ચાર ચોક, એક સ્ટાર્ટર હતુ, આ તમામ મુદ્દામાલ સાહેદે ઓળખી પણ બતાવેલ છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો ફરિયાદ નોંધતા પહેલા આ સાહેદે રેકર્ડ જોયેલુ નહીં, સરવૈયા સાહેબે મોકલેલા બધા કાગળો જોયેલા નહીં તથા સાહેદોની સહીઓ વાળા કાગળો પણ જોયેલા નહીં હોવાનુ કબુલ કરે છે, સરવૈયા સાહેબે આ સાહેદની હાજરીમાં ફરિયાદ લખાવેલી નથી તો તે હકીકત નકારે છે.

(૩૦)ત્યારબાદ આ કામે આંક–૨૨૦ થી શોભાબેન શ્રીનિવાસ રાવને તપાસવામાં આવેલા છે. આ સાહેદ એફ.એસ.એલ.ના અધિકારી છે. તેઓની સરતપાસ મુજબ સને–૨૦૧૨ ના અરસામાં તેઓ મદદનિશ નિયામક તરીકે એફ.એસ.એલ.ખાતે ડી.એન.એ. વિભાગમાં ફરજ ઉપર હતા ત્યારે

ડી.સી.બી. પોલીસ સ્ટેશન તરફથી સાત પાર્સલો આ સાહેદના વિભાગમાં પરીક્ષણ અર્થે આવેલા તેની પહોંચ આપેલી, નમુનાઓનુ વૈજ્ઞાનિક પરીક્ષણ કરી અહેવાલ તૈયાર કરેલો, નમુના એ, સી, ડી માંથી ડી.એન.એ. પૃથ્થકરણ કરતાં ડી.એન.એ. પ્રોફાઇલ પ્રાપ્ત થયેલ જેની સરખામણી કરી એક અહેવાલ તૈયાર કરેલો તે ડી.સી.બી. પોલીસ સ્ટેશને મોકલી આપેલો જેના પરીણામ મુજબ ગુજરનાર બાળકનો નમુનો "સી" એટલે કે લોહીનો નમુનો બાલાજી કેશરાજી ઠાકોરના શારીરીક ડી.એન.એ. પ્રોફાઇલ સાથે સુસંગત જણાયેલો જેથી મરણ જનાર બાળક બાલાજી કેશરાજી ઠાકોરનો હોવાનુ પ્રસ્થાપિત થયેલાનુ જણાયેલુ, જે ડી.એન.એ. રીપોર્ટ આ સાહેદે આપેલો તે આંક-૨૨૧ થી રજુ કરવામાં આવેલો છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો આ સાહેદે ફરજ દરમ્યાન ઘણા ડી.એન.એ. ટેસ્ટ કરેલા છે, રીપોર્ટમાં અનુક્રમ નં.૪ અને ૫ માં સ્વેબના નમુના તેમજ નખના નમુનાનો ઉલ્લેખ કરેલો છે તે કબુલ કરે છે, નમુનાનુ પૃથ્થકરણ રીપોર્ટમાં દર્શાવેલ નથી તો તે હકીકત નકારે છે, ડી.એન.એ. ટેસ્ટ માટે ઉપરી અધિકારી કે અન્ય ડોકટરની મદદ મેળવી નથી તો તે હકીકત કબુલ કરે છે, આ સાહેદ સમક્ષ આવેલી સામગ્રી જો અન્ય અધિકારી કે પોલીસ અધિકારીને બતાવેલી હોત તો પરીણામ જુદુ આવે તો તે હકીકત નકારે છે. વધુમાં આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો નમુના કયારે મળેલા અને કોના દ્વારા મળેલા તે રીપોર્ટમાં લખેલુ નથી તે કબુલ કરે છે, રીપોર્ટ પ્રિન્ટેડ ફોર્મમાં તૈયાર કરેલાની હકીકત નકારે છે, રીપોર્ટમાં સ્પેસીમેન સીલનો નમુનો કોનો છે તે

બતાવેલ નથી તે કબુલ કરે છે, એનાલીસીસ માટે સોફ્ટવેર તૈયાર હોય છે તે કબુલ કરે છે, એનાલીસીસ માટેની કીટ તૈયાર આપવામાં આવે છે તે કબુલ કરે છે, નમુનો લેતી વખતે અન્ય કોઈ ઘટક સેમ્પલ સાથે મિક્ષ થઈ ગયેલ હોય તો પરીણામ જુદુ આવી શકે તેમ કબુલ કરે છે.

(૩૧)ત્યારબાદ આ કામે આંક–૨૨૨ થી પ્રવિણસિંહ ગટોરસિંહ વાઘેલાને તપાસવામાં આવેલા છે તેઓની સરતપાસ મુજબ તા.૨૯–૬–૨૦૧૨ ના રોજ ક્રાઇમ બ્રાંચમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઇમબ્રાંચની મૌખિક સુચનાથી આ ગુનાની તપાસ સંભાળેલી, પી.આઇ. આર.આર.સરવૈયાની ફરિયાદ તથા ક્રિ.પ્રો.કોડ કલમ–૧૫૭ નો રીપોર્ટ વંચાણે લીધેલો, પી.આઇ. સરવૈયાએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ તે તથા મુદ્દામાલ પાવતી સામેલ રાખેલી, વિજીટેશનનો ગુનો હોય ઉપરી અધિકારીને રીપોર્ટ કરેલો, સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપી કૃણાલ ભટ્ટ મળી આવતા તેઓને અટક કરી નિવેદન લીધેલુ. વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ તા.૨૮–૬–૨૦૧૨ ના રોજ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુમ થનાર બાળક મયુર બાલાજી ઠાકોરની લાશ મળી આવેલી તેની લાશ સિવિલ હોસ્પિટલ, પાલનપુરના પી.એમ. રૂમમાં હતી તેનુ રીઈન્કવેસ્ટ ભરવાનુ હોવાથી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટનો બોલાવેલા અને પી.એમ. કર્યા બાદ લાશનો કબજો તેના પિતા બાલાજી ઠાકોરને સોંપેલો, પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશને અકસ્માત મોત નોંધ નં.૧૫/૨૦૧૨ ના વંચાણે લઈ કામમાં સામેલ રાખેલા, બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરવા ક્રાઇમ

બ્રાંચના પી.આઇ. સોલંકીને યાદી આપેલી તેમણે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બનાવેલુ જે કામમાં સામેલ રાખેલુ, નરોડા પોલીસ સ્ટેશનના સિનીયર પી.આઇ. જે.ડી.બ્રહ્મભટ્ટ, સેકન્ડ પી.આઇ. જે.ડી.ગઢવીના વિગતવાર નિવેદનો લઇ કામમાં સામેલ રાખેલા, તપાસ દરમ્યાન આ સાહેદે મહેસાણા, પાલનપુર, કલોલ ટોલબુથના સી.સી.ટી.વી. કુટેજ મેળવવા તજવીજ કરેલી, સાહેદ કલુઆ અબ્દુલ અજીજ, રાજેન્દ્રકુમાર ઉર્ફે રાજુ રામનાથ, મુજાહીદ મહેમુદ્દીનના ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો લીધેલા, આરોપી સૌકતે મરણ જનાર મયુરને જે જગ્યાએ નાંખી દીધેલ તે જગ્યા બતાવવા ખુશી હોય પંચોની હાજરીમાં પંચોને લઇ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનની હદ્દમાં આવેલ ચિત્રાસણ ગામની સીમમાં આવેલ નાળા પાસે જઇ જગ્યા બતાવતા તેનુ પંચનામુ બનાવેલુ. આમ આ સાહેદે બનાવની વિગતવાર તપાસ કરેલી છે, જુદા, જુદા પંચનામા બનાવેલા છે, પી.એસ.ઓ.ને લખાવેલ વર્ધી આંક–૨૨૩ થી રજુ કરેલી છે, મુદ્દામાલ અંગે રવાનગી નોંધો બનાવી મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલી આપેલો છે જેની પહોંચો મેળવેલી, એફ.એસ.એલ.માંથી અભિપ્રાય આવેલો જે કામમાં સામેલ રાખેલો, વોડાફોન તથા યુનીનોર કંપનીમાંથી મોબાઇલ અંગેની કોલ ડીટેઇલ્સ મેળવેલી જે કામમાં સામેલ રાખેલી, આંક–૨૨૪ થી આંક–૨૪૩ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો ક્રાઇમ બ્રાંચના સરવૈયા સાહેબ સમાંતર તપાસ કરતા હતા તે કબુલ કરે છે, તપાસમાં એક કેસ ડાયરી બનાવેલી છે તે કબુલ કરે છે, પી.એમ.નોટમાં બાળકના મૃત્યુનુ કારણ આપેલુ

નથી તે કબુલ કરે છે, શબ પરીક્ષણ વખતે વિડીયોગ્રાફી કરેલી તે કબુલ કરે છે, ગુનાવાળી જગ્યાની મુલાકાત સૌપ્રથમ તા.૨૯–૬–૨૦૧૨ ના રોજ કરેલાનુ જણાવે છે, સોલંકી સાહેબે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કર્યુ ત્યારે આ સાહેદ સતત હાજર રહેલા તો તે હકીકત નકારે છે, ફોટોગ્રાફની નેગેટીવ રજુ કરેલી નથી તે કબુલ કરે છે, પાલનપુરમાં એક મેજર અમિતકુમારે વર્ધી નોંધાવવાની વાત કરેલી પરંતુ તેમનુ કોઇ નિવેદન કે જવાબ લીધેલ ન હોવાનુ કબુલ કરે છે, આ કામમાં પંચનામાઓ તૈયાર કરી પાછળથી પંચોની સહીઓ લીધેલાની હકીકત નકારે છે, આરોપી સૌકતે અમદાવાદમાં નરોડા ગુનાવાળી જગ્યા બતાવવાની તૈયારી બતાવેલી નહીં તો તે હકીકત નકારી છે, વાહનમાં ગુનાવાળી જગ્યાની વિઝીટ કરેલી તે કબુલ કરે છે, પાલનપુર ખાતેથી લાશ મળી આવેલી તે વખતે ઇન્કવેસ્ટ પંચનામુ કરી લાશનુ શબ પરીક્ષણ કરેલુ તે વખતે એફ.એસ.એલ. અધિકારીએ સ્થળ ઉપર મુલાકાત લીધી હોય તો તેની આ સાહેદને ખબર નથી, પાલનપુર ખાતે સ્થળ ઉપરથી મળી આવેલી વસ્તુઓ એફ.એસ.એલ.માં મોકલવી તથા મરણ જનારની ઓળખ ન થાય તો તેનો ડી.એન.એ.ટેસ્ટ મેળવવો તેવી ભલામણ એફ.એસ.એલ. અધિકારીએ કરેલી તે કબુલ કરે છે, નરોડા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધ થઇ તેમાં ગુજરનારના પિતાએ ગુજરનાર મયુરે કાળુ પેન્ટ, સફેદ પટ્ટાવાળો શર્ટ પહેરેલો તેવુ લખાવેલુ, બાળકની સ્કુલમાં જઇ યુનિફોર્મ અંગેની તપાસ કરેલી નહીં, પાલનપુર ખાતે થયેલ ઇન્કવેસ્ટ પંચનામામાં આસમાની પોપટી કલરનો શર્ટ તથા કાળા કલરનુ પેન્ટ બતાવેલાનુ કબુલ કરે છે, લાશ ઉપરના કપડામાંથી મેળાની કોઇ ટીકીટ મળેલી નહીં,

મેળાના બુકીંગ કલાર્ક કે ડોર કીપરના જવાબો લીધેલા ન હોવાનુ જણાવે છે.

(૩૨)ત્યારબાદ આંક-૨૪૯ થી બાબુભાઈ મહાદેવભાઈ દેસાઈને તપાસવામાં આવેલા છે. આ સાહેદની સરતપાસ મુજબ તા.૧૫-૯- ૨૦૧૨ ના રોજ પોલીસ ઈન્સ્પેકટર, ક્રાઈમ બ્રાંચ, અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ગુના રજી.નં.૪૩/૨૦૧૨ ની તપાસ પી.જી.વાઘેલા સાહેબ પાસેથી આ સાહેદને સોંપવામાં આવેલી, આરોપીઓ જયુડી.કસ્ટડીમાં હોઈ સમય મર્યાદામાં ચાર્જશીટ કરેલુ અને ડ્રાફટ ચાર્જશીટ બનાવી નાયબ પોલીસ કમિશ્નરને એપ્રૃવલ માટે મોકલી આપેલુ અને તા.૨૬-૯-૨૦૧૨ ના રોજ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલાનુ આ સાહેદ જણાવે છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો તપાસ ડાયરી નામદાર કોર્ટમાં બંધ કવરમાં રજુ કરેલી નથી તો તે હકીકત નકારે છે, ગુજરનારની લાશનુ ડી.એન.એ. કરવા માટે એફ.એસ.એલ. અધિકારીએ સુચન કરેલુ અને ડી.એન.એ. રીપોર્ટ મુજબ આરોપી વિરૂધ્ધ ગુનો બનતો નથી તેવુ જાણતા હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલાની હકીકત નકારી છે.

**(૧૨)** આમ આ કામે ફરિયાદપક્ષ દ્વારા રજુ થયેલો મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં તા.૨૪-૬-૨૦૧૨ ના રોજ નરોડા ખાતે ચંદન તલાવડી ખાતે આનંદ મેળો ભરાયેલો હતો અને તા.૨૪-૬-૨૦૧૨ ના રોજ સાંજે બાલાજી ઠાકોરનો દિકરો મયુર તેમની માતા સાહેદ જયોત્સનાબેન બાલાજી ઠાકોર પાસેથી રૂા.૧૦/- લઈ આનંદ મેળામાં ગયેલો તેવી હકીકત છે પરંતુ તે અંગે કોઈ સબળ પુરાવો નથી, આ ફકત સંજોગ છે, આનંદ મેળો પુરો થયા પછી

સાહેદ બાલાજી કેશરજી ઠાકોરે મયુર પરત ન આવતા આનંદ મેળામાં જઇ તપાસ કરેલી, આનંદ મેળાના માલિક કૃણાલ ભટ્ટ પાસે આનંદ મેળાની લાઇટો ચાલુ કરાવીને મેળામાં બાળકની તપાસ કરેલી, આ અંગે પણ સાંયોગીક પુરાવો છે કોઇ સબળ પુરાવો નથી, આ કામમાં આંક-૪૪ અને આંક-૪૬ થી રજુ થયેલ રીઇન્કવેસ્ટ પંચનામુ તથા ઇન્કવેસ્ટ પંચનામુ અને તેની સાથે સાથે આંક-૩૩ વાળી પી.એમ.નોટ ધ્યાને લેતાં મેળામાં ગુમ થનાર બાળક મયુર ઠાકોર મરણ પામેલ છે અને તેની લાશનુ શબ પરીક્ષણ કરવામાં આવેલુ છે, સૌપ્રથમ મયુરની લાશનુ શબ પરીક્ષણ સિવિલ હોસ્પિટલ, પાલનપુર ખાતે કરવામાં આવેલુ છે, પાલનપુર ખાતે મયુરની લાશનુ શબ પરીક્ષણ કરતા પહેલા ઇન્કવેસ્ટ પંચનામુ કરવામાં આવેલુ જે આંક-૪૬ થી રજુ છે ત્યારબાદ મયુરની લાશને સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે લાવવામાં આવેલી અને ત્યાં સાહેદ નં.૧ ડો.ધર્મેશ અમૃતસિંહ સીલાજીયા તથા અન્ય ડોકટરો દ્વારા વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી સાથે ગુજરનાર મયુરની લાશનુ શબ પરીક્ષણ કરવામાં આવેલુ, ગુજરનાર મયુરની લાશ પાલનપુર તાલુકાના ચિત્રાસણ ગામ પાસેથી મળી આવેલી, લાશ મળી આવ્યા બાદ ઇન્કવેસ્ટ પંચનામુ કરી તેનુ શબ પરીક્ષણ પાલનપુર ખાતેની સિવિલ હોસ્પિટલમાં થયેલુ ત્યારબાદ તેની લાશ અમદાવાદ ખાતે લાવ્યા બાદ ફરીથી રીઇન્કવેસ્ટ પંચનામુ કરીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ફરીથી મયુરની લાશનુ શબ પરીક્ષણ કરવામાં આવેલુ, આંક-૩૩ વાળી પી.એમ.નોટ ધ્યાને લઇએ તો ગુજરનારનુ મૃત્યુ ઇલેકટ્રીક કરન્ટ લાગવાથી થયેલુ હોય તેવો કોઇ અભિપ્રાય નથી પરંતુ મૃત્યુનુ કારણ જાણવા માટે ડીપાર્ટમેન્ટ ઓફ ફોરેન્સીકે

અહેવાલ આપેલો જે શબ પરીક્ષણ નોટ સાથે રજુ છે જે તા.૩૦–૬–૨૦૧૨ ના રોજ આપેલો છે તે મુજબ ગુજરનારનુ મૃત્યુનુ કારણ ચોક્કસ જણાવી શકાય તેમ નથી, આ અભિપ્રાય કુલ્લે–પાંચ ડોકટરોએ આપેલો છે જેથી એવુ કહી શકાય તેમ છે કે ગુજરનારનુ મૃત્યુ થયેલુ છે પરંતુ તે મૃત્યુ ઈલેકટ્રીક કરન્ટ લાગવાથી થયેલુ છે કે કેમ? તે ચોક્કસ કહી શકાય તેમ નથી. ફરિયાદપક્ષની હકિકત પ્રમાણે ગુજરનાર મયુર આનંદ મેળામાં ગયેલો અને મોતના કુવા પાસે તેને કરન્ટ લાગેલો જેથી આરોપીઓ પૈકી આરોપી સૌકત તથા કૃણાલે તેને ખાટલામાં સુવડાવ્યો ત્યારે તે તરફડીયા મારતો હતો પરંતુ મયુરને કરન્ટ લાગ્યા અંગેની જાહેરાત કરેલી નહીં અને તે બાળકને બાઈક ઉપર બેસાડી કૃણાલ તથા સૌકત અડાલજ પાસે લઈ ગયેલા અને ત્યાંથી વેગનઆર ગાડીમાં પાલનપુર પાસે ચિત્રાસણ ગામની નજીક આવેલ નાળા પાસે બાળકની લાશ ફેંકી દીધેલી પરંતુ આ મયુર ઠાકોરને આ બંને આરોપીઓ બાઈક ઉપર બેસાડી લઈ ગયેલા હોય ત્યારે કોઈએ તેઓને જોયેલા હોય તેવો કોઈ પુરાવો નથી, પુરાવો ધ્યાને લેતાં કહેવાતો કરન્ટ લાગવાનો બનાવ રાત્રીના આંઠ થી નવ વાગ્યા દરમ્યાન બનેલો છે અને તે વખતે મેળામાં ઘણા જ લોકો આવેલા હોય ગુજરનાર મયુરને કરન્ટ લાગ્યો હોય તો ઘણા લોકોએ જોયો હોય પરંતુ કરન્ટ લાગેલો જોયો હોય તેવો કોઈ પુરાવો કે સાહેદ નથી. આનંદમેળામાં આ બંને આરોપી સાથે કામ કરતા કલુઆ અજીજ બાગવાન તથા રાજુ રામનાથજી મીણાનાઓએ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો લેવામાં આવેલા અને બનાવ અંગેની હકીકતો જે બનેલી તે જણાવેલી છે પરંતુ આ નિવેદનો મેજીસ્ટ્રેટ રૂબરૂ આ બંને સાહેદોએ આપેલા હોય તેવા કોઈ નિવેદનો આ

કેસમાં રજુ કરવામાં આવેલા નથી જેથી કરીને આ બંને સાહેદોએ મેજીસ્ટ્રેટ રૂબરૂ નિવેદનો આપેલા છે તે હકીકત સાબિત થતી નથી, જુબાની દરમ્યાન આ બંને સાહેદોએ ફરિયાદપક્ષની હકીકતોનો ઈન્કાર કરેલો છે અને જણાવેલ છે કે આવો કોઈ બનાવ બનેલો હોય તેવુ બનેલુ નથી જેથી આ કામમાં ફરિયાદપક્ષ સાહેદ કલુઆ અજીજ બાગવાન અને સાહેદ રાજુ રામનાથજી મીણા ઉપર જે આધાર રાખે છે તો આ બંને સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલા હોવાથી ફરિયાદપક્ષની હકીકતો પુરવાર થતી નથી. ફરિયાદપક્ષના કેસ પ્રમાણે આનંદ મેળામાં કામ કરતા સાહેદ નં.૩૦ કલુઆ બનાવ વિશે જાણતા હોઈ તેને વિશ્વાસમાં લઈ પુછપરછ કરતા સમગ્ર બનાવની જાણ થયેલી પરંતુ સાહેદ કલુઆએ સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદપક્ષને સમર્થન કરેલુ નથી. વધુમાં ગુજરનાર બાળક મયુર, સાહેદ બાલાજીનો દિકરો જ છે તે માટે કરવામાં આવેલ ડી.એન.એ. રીપોર્ટ આંક-૨૨૧ થી રજુ છે, ડી.એન.એ. કરનાર સાહેદ નં.૩૨ શોભાબેને કરેલ નિરીક્ષણમાં સ્પષ્ટ જણાવેલુ છે કે ગુજરનાર બાળક મયુરના ડી.એન.એ. બાલાજી ઠાકોર સાથે મળતા આવે છે જેથી એક હકીકત ચોક્કસ છે કે ગુજરનાર બાળક મયુર તે સાહેદ બાલાજી ઠાકોરનો દિકરો જ છે, ગુજરનાર બાળક મયુર ઠાકોરની લાશ પાલનપુર ખાતે ચિત્રાસણ ગામની નજીક જે જગ્યા ઉપર ફેંકી દીધેલી તે જગ્યાનુ આંક-૩૮ થી રજુ થયા મુજબનુ પંચનામુ કરવામાં આવેલુ પરંતુ તે પંચનામાના પંચ સાહેદ હેમતાજી તરસંગજી ઠાકોર અને સાહેદ ઈરફાન અબ્દુલભાઈ સીંધીએ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન કરેલુ નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે. તે જ રીતે ગુજરનાર મયુર ઠાકોરની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ તે

આંક–૭૬ થી રજુ છે તેના પંચ સાહેદ જયંતીભાઇ ડાહ્યાભાઇ રાઠોડ અને સાહેદ ઇશ્વરભાઇ ધુળાભાઇ સોલંકીએ પણ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન કરેલુ નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે, સાહેદ રાકેશભાઇ ગોરધનભાઇ ગજ્જરની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ મોતના કુવાની આજુબાજુથી મુદ્દામાલ લાકડાની પેટી, ઇલેકટ્રીક ફયુઝ, ખુલ્લા વાયરો વિગેરે કબજે કરેલા છે પરંતુ તેથી કરીને ગુજરનાર મયુરનુ મૃત્યુ ઇલેકટ્રીક કરન્ટ લાગવાથી થયેલાનુ સાબિત થતુ નથી.

(૧૩) ફરિયાદપક્ષની હકીકતો પ્રમાણે આરોપી સૌકત તથા આરોપી કૃણાલ મયુર ઠાકોરને કરન્ટ લાગ્યા પછી બાઇક ઉપર બેસાડી અડાલજ પાસે લઇ ગયેલા ત્યાંથી મારૂતી વેગનઆર કારમાં મયુરને બેસાડી પાલનપુર લઇ ગયેલા, મયુરને જે વેગનઆર ગાડીમાં લઇ ગયેલા તે વેગનઆર ગાડી તપાસ કરનાર અધિકારીએ આંક–૯૦ ના પંચનામાની વિગતે પંચ સાહેદ ફારૂક મોયુદ્દીન શાહ અને સાહેદ નુરખાન સામતખાન પઠાણની હાજરીમાં કબજે કરેલી પરંતુ આ બંને પંચ સાહેદોએ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન કરેલુ નથી જેથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે, જે મોટર સાઇકલ ઉપર આરોપી સૌકત તથા આરોપી કૃણાલ ગુજરનાર મયુર ઠાકોરને લઇ અડાલજ લઇ ગયેલા તે મોટર સાયકલ તપાસ કરનાર અધિકારીએ પંચ સાહેદ નેહલભાઇ ધર્મેશભાઇ દવેની હાજરીમાં આંક–૯૫ ના પંચનામાની વિગતે કબજે કરેલી છે પરંતુ આ સાહેદે પણ ફરિયાદ પક્ષની હકીકતોને સમર્થન કરેલુ નથી અને તેઓને પણ ફરી ગયેલા જાહેર કરેલા છે, જે જગ્યાએ ગુજરનાર મયુર ઠાકોરને કરન્ટ લાગેલાની હકીકત છે તે જગ્યાનુ

આંક–૯૯ વાળુ પંચનામુ સાહેદ સંજયસિંહ જટુભા જાડેજાની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ બનાવેલુ છે, આ સાહેદના કહેવા પ્રમાણે આરોપી સૌકતે ગુનાવાળી જગ્યા બતાવેલી તે વખતે આરોપી સૌકત પોલીસ કસ્ટડીમાં હતો અને પોલીસ કસ્ટડીમાં આરોપીએ જે હકીકત જણાવેલી છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી, ગુજરનાર મયુર ઠાકોરના પિતાજી બાલાજી કેશરજી ઠાકોર તથા માતા જયોત્સનાબેન બાલાજી ઠાકોર રૂબરૂ આરોપીઓની કોઈ ઓળખ પરેડ એકઝી. મેજીસ્ટ્રેટ સમક્ષ તપાસ કરનાર અધિકારીએ કરાવેલી નથી, સાહેદ અમજદઅલી સરદારઅલી પઠાણે મોતના કુવા પાસેથી વાયરો, ફયુઝ વિગેરે કાઢીને તપાસ કરનાર અધિકારીને સોંપેલા પરંતુ તેથી કરીને પણ ગુજરનાર મયુર ઠાકોરનુ મૃત્યુ ઈલેકટ્રીક કરન્ટ લાગવાથી થયેલાનુ સાબિત થતુ નથી, ગુજરનારનુ ઈન્કવેસ્ટ પંચનામુ પાલનપુર મુકામે આંક–૪૬ વાળુ બનાવેલુ તે પંચનામા મુજબ લાશ ઉપર જે કપડા હતા અને તે કપડાનો જે કલર હતો તેનાથી અલગ કલરના કપડા બીજા હોવાનુ તપાસ કરનાર અમલદાર પી.જે.વાઘેલા જણાવે છે જેથી મરણ જનારના કપડાના કલર બાબતે મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે, ગુજરનાર મયુર ઠાકોરને મોતના કુવા પાસે ઈલેકટ્રીક કરન્ટ લાગતા કોઈ સાહેદે જોયેલુ હોય તેવા કોઈ સાહેદો આ કામમાં નથી, આનંદ મેળામાં સ્વાભાવિક છે કે ઘણા બધા માણસો હોય અને આનંદ મેળાનો આનંદ લેતા હોય અને મોતના કુવા પાસે પણ ઘણા બધા લોકો હોય છે પરંતુ મયુર ઠાકોરને કોઈએ કરન્ટ લાગતા જોયેલો હોય તેવા કોઈ સાહેદો આ કામમાં નથી. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં ગુજરનાર મયુર ઠાકોર તા.૨૪–૬–૨૦૧૨

ના રોજ ગુમ થયેલ છે તે હકીકત છે તેમજ તેનુ મૃત્યુ થયેલુ છે તે પણ હકીકત છે અને મયુરની લાશ પાલનપુર નજીક ચિત્રાસણ ગામ પાસેથી મળી આવેલી તે પણ હકીકત છે પરંતુ તેના મૃત્યુ માટે કોણ જવાબદાર છે? તે હકીકત સબળ પુરાવાથી સાબિત નથી, આ આખો કેસ સાંયોગીક પુરાવા ઉપર આધારીત છે પરંતુ ફરિયાદપક્ષે જે પુરાવા રજુ કરેલા છે તે પુરાવા ઉપરથી સંજોગોની સાંકળ સળંગ રીતે પુરવાર થતી નથી. ઉપરોકત તમામ ચર્ચાને ધ્યાને લેતાં આરોપી નં.૪,૫ કૃણાલ અને દેવચંદે ભાગીદારીમાં તા.૭-૬-૨૦૧૨ થી તા.૧૧-૭-૨૦૧૨ દરમ્યાન અમદાવાદ શહેરના નરોડા ચંદન તલાવડી ખાતે ઓમ ફનફેર (આનંદમેળા) નુ આયોજન કરેલ જેમાં ટેમ્પરરી લાઈટીંગ માટે આરોપી શેલેષભાઈએ ઈલેકટ્રીક કન્સલટન્ટ તરીકે રજુ કરેલ પ્લાન તથા આપેલ બાંહેધરી મુજબ વાયરીંગ નહીં કરાવેલ હોવા છતાં આરોપી બકુલચંદ્ર દ્વારા વિદ્યુત નિરક્ષક તરીકે ખોટો ઈન્સ્પેકશન રીપોર્ટ આપી આનંદમેળાના આયોજકોના નામે એન.ઓ.સી. ઈસ્યુ કરાવી આરોપી શૈલેષે આપેલ લેખિત બાંહેધરી મુજબ આનંદમેળામાં વાયરમેન/સુપરવાઝઈર નહીં રાખી આરોપીઓએ માનવ જીંદગી તથા લોકોની જીંદગી જોખમમાં મુકાય તે પ્રમાણે અક્ષમ્ય બેદરકારી દાખવેલી જેના કારણે તા.૨૪-૬-૨૦૧૨ ના રોજ રાત્રીના કલાક ૨૦-૪૫ વાગ્યે મયુર બાલાજી ઠાકોર ઉ.વ.આ.૯ આનંદમેળો જોવા ગયેલ ત્યારે તેને ઈલેકટ્રીક કરન્ટ લાગતા તે તરફડીયા મારતો પડેલ હતો ત્યારે આરોપી નં. ૧,૨,૩,૪,૭ નાઓ મયુરને મોતના કુવા પાસે આવેલ તંબુમાં લઈ ગયેલા અને મયુરને અન્ય જગ્યાએ ફેંકી દેવાનુ નક્કી કરી આરોપી નં.૪ કૃણાલ અને આરોપી નં.૭ સૌકતે મયુરને

મોટર સાયકલ નં. જી.જી.૧.એલ.એમ.૯૩૩૯ ઉપર બેસાડી કોતરપુર નજીક લઈ જઈ આરોપી નં.૫ દેવચંદને મોબાઈલ ફોન કરી કાર લઈ આવવા જણાવતા આરોપી નં.૫ દેવચંદ આરોપી નં.૬ ડ્રાઈવર ભલાજી સાથે વેગનઆર કાર નં.જી.જી.૨૪–એ–૬૨૦૪ લઈને અડાલજ આવેલ ત્યાં આરોપી નં.૬ ભલાજી અને આરોપી નં.૭ સૌકત બાળક મયુરને વેગનઆર કારમાં બેસાડી પાલનપુર આબુ રોડ ઉપર આવેલ ચિત્રાસણ ગામની સીમમાં નાળા નં. ૬૦૯/ ૯ પાસે લઈ જઈ નાળા ઉપરથી મયુરને નીચે નાંખી દઈ તેનુ મોત નિપજાવી પુરાવાનો નાશ કરી આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ઈ.પી.કો. કલમ–૩૦૨, ૨૦૧, ૩૩૭, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાનુ ફરિયાદપક્ષે રજુ થયેલા પુરાવા ઉપરથી નિઃશંકપણે પુરવાર થતુ ન હોવાથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **હુકમ**

(૧) સેશન્સ કેસ નં.૧૧૨/૨૦૧૩ ના કામના આરોપી નં.(૧) અલ્તાફ અહેમદ રસીદઅહેમદ અંસારી, રહે.ગામ–કમનાપુર, તા.ટાંડા, થાના–ઈબ્રાહીમ પુર, જી.ફૈજાબાદ, ઉત્તરપ્રદેશ, આરોપી નં.(૨) સત્તારખાન અબ્દુલ હકીમ સુન્ની મુસલમાન, રહે. થાતુટી, તા.ભીણાઈ, થાના–સરવાડ,જી.અજમેર, રાજસ્થાન, આરોપી નં.(૩) પ્રકાશ અંકુશ સીન્દે(મરાઠી) રહે.બાગેબાબડ, જી.બીડ, મહારાષ્ટ્ર, આરોપી નં.(૪) કૃણાલ રમેશભાઈ ભટ્ટ, રહે. એ/૩૬, શક્તિનગર, વિદ્યા નિકેતન સ્કુલની સામે, ખોડીયારનગર, બાપુનગર, અમદાવાદ, આરોપી

નં.(૫) દેવચંદ ઉર્ફે મીશ્રાજી ત્રિવેણીભાઈ ચૌધરી, રહે. ૧૭,રાધેશ્યામ બંગ્લોઝ, અંબાજીનગર સોસાયટી રોડ, ચાણસ્મા હાઈવે, તા.જી. પાટણ, મુળ રહે.મોરો, તા. કનસી સીમરી, જી.દરભંગા,થાના-વિસનપુર, બિહાર, આરોપી નં.(૬) ભલાજી ઉર્ફે લાલો ભવાનજી ઠાકોર,રહે. બી.ડી. હાઈસ્કુલ પાસે, ફાટીફાલ દરવાજા બહાર, પાટણ, તા.જી.પાટણ, આરોપી નં.(૭) સૌકત સહીરમોહંમદ શેખ, રહે.ગામ-થાતુટી, તા.કેકડી, જી. અજમેર, થાના-ભીનાઈ, રાજસ્થાન તેમજ સેશન્સ કેસ નં.૧૩૪/૨૦૧૫ ના કામના આરોપી નં.(૧) શૈલેષભાઈ ઈન્દુલાલ શાહ, રહે.૯,દિપઆનંદ ફ્લેટ, પરિમલ હોસ્પીટલ સામે, એલ.જી. કોર્નર, મણીનગર, અમદાવાદનાઓને ક્રિ.પ્રો.કોડ કલમ-૨૩૫(૧) અન્વયે ઈ.પી.કો. કલમ-૩૦૨, ૨૦૧, ૩૩૭, ૧૧૪ મુજબના ગુના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલમાં કબજે કરેલ મારૂતી વેગનઆર કાર નં.જી.જે.૨૪-એ-૬૨૦૪ આ અગાઉ વચગાળાના તબક્કે તેના મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવેલ છે તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે તેમજ મુદ્દામાલમાં કબજે કરેલ હીરો હોન્ડા પેશન મોટર સાઈકલ નં.જી.જે.૧-એલએમ ૯૩૩૯ અંગે નિચલી અદાલતે કોર્ટ ઈન્કવાયરી કરી નિકાલ કરવાનો તેમજ બાકીના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ઉપરોકત દરેક આરોપીએ સુધારેલા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭ (એ) નીચે છ માસની મુદ્દત માટે રૂા.૫,૦૦૦/- અંકે રૂા.પાંચ હજારના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા સાથે

પોતાનુ કાયમી રહેણાંકનુ સરનામુ તેમજ મોબાઇલ નંબર પુરશીશથી જાહેર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ હુકમની નકલ સેશન્સ કેસ નં.૧૩૪/૨૦૧૫ ના કામે મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.**૨૩ મી** માહે- **મે** સને- **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ- ૨૩-૫-૨૦૨૨

**(અંબાલાલ આર.પટેલ)**
એડીશ્નલ સેશન્સ જજ,
સિટી સેશન્સ કોર્ટ નં.૪,
અમદાવાદ શહેર.
યુનીક આઇ.ડી.કોડ નં.GJ00404

પી.જે.રાઠોડ